श्रीमन्नागसेनाचार्यप्रणीत

तत्त्वानुशासन

(गुजराती अनुवाद सहित)

अनुवादक :

पू. मुनिवर्य श्री. तत्त्वानंदविजयजी

प्रयोजक :

शेठ श्री. अमृतलाल कालिदास दोशी, બી. એ.

प्रकाशक :

श्री. नवीनचंद्र अंबालाल शाह, એમ. એ.
मंत्री, जैन साहित्य विकास मंडळ
विलेपारले, मुंबई–५७

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीमन्नागसेनाचार्यप्रणीत

तत्त्वानुशासन

(ગુજરાતી અનુવાદ સહિત)

અનુવાદક :

પૂ. મુનિવર્ય શ્રી. તત્ત્વાનંદવિજયજી

પ્રયોજક :

શેઠ શ્રી. અમૃતલાલ કાલિદાસ દોશી, બી. એ.

પ્રકાશક :

શ્રી. નવીનચંદ્ર અંબાલાલ શાહ, એમ. એ.
મંત્રી, જૈન સાહિત્ય વિકાસ મંડળ
વિલેપારલે, મુંબઈ–૫૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રકાશક :

નવીનચંદ્ર અંબાલાલ શાહ, એમ. એ.
મંત્રી, જૈન સાહિત્ય વિકાસ મંડળ
૧૧૨, ધોડબંદર રોડ, ઈરલાબ્રીજ
વિલેપારલે, મુંબઈ–૫૬

પ્રથમ આવૃત્તિ
૧૦૦૦
મૂલ્ય રૂા. ૧.૦૦
ઈ. સ. ૧૯૬૧
(વિ. સં. ૨૦૧૭)

મુદ્રક :

વિ. પુ. ભાગવત
મૌજ પ્રિંટિંગ બ્યૂરો
ખટાઉ મકનજી વાડી
ગિરગાંવ, મુંબઈ–૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુક્રમણિકા

		પૃષ્ઠ
૧. નિવેદન	શ્રી. નવીનચંદ્ર અંબાલાલ શાહ, એમ. એ.	નવ
૨. બે બોલ	પૂ. મુનિવર્ય શ્રી. તત્ત્વાનંદવિજયજી	પંદર
૩. તત્ત્વાનુશાસન	આચાર્ય શ્રી નાગસેન	

પ્રથમ અધ્યાય : સારભૂત ચતુષ્ટય ૧

મંગલાચરણ ૧
સર્વજ્ઞાસ્તિત્વસિદ્ધિ ૧
સર્વજ્ઞકથિત તત્ત્વ ૨
હેય તત્ત્વ ૨
ઉપાદેય તત્ત્વ ૨
બંધની વ્યાખ્યા અને ભેદો ૨
બંધનું કાર્ય ૩
બંધના હેતુઓ ૩
મિથ્યાદર્શનની વ્યાખ્યા ૩
મિથ્યાજ્ઞાનની વ્યાખ્યા ૩
મિથ્યાચારિત્રની વ્યાખ્યા ૪
કર્મબંધનું પ્રધાન કારણ—મોહરાજ ૪
મોહરાજના સેનાપતિ ૪
મમકારનું સ્વરૂપ ૫
અહંકારનું સ્વરૂપ ૫
મમકાર-અહંકારનું કારણ અને કાર્ય ૫
મોહાદિના નાશ માટે પ્રેરણા ૬
બંધહેતુઓના નાશનો ઉપાય ૭
મોક્ષનો હેતુ ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યગ્દર્શનની વ્યાખ્યા ૭
સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા ૮
સમ્યક્ચારિત્રની વ્યાખ્યા ૮
મોક્ષહેતુના પ્રકારો ૮
નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ ૮
વ્યવહારથી મુક્તિહેતુ ૯
નિશ્ચયથી મોક્ષહેતુ ૯

દ્વિતીય અધ્યાય : મોક્ષનું પ્રધાન કારણ—ધ્યાન ૧૦

ચતુર્વિધ ધ્યાન ૧૦
શુક્લધ્યાનના અધિકારી ૧૦
ધર્મધ્યાન ૧૧
ધર્મધ્યાનનાં અંગો ૧૧
ધ્યાતાનું લક્ષણ ૧૨
ધર્મધ્યાનના સ્વામી ૧૩
ધ્યાતા અને ધ્યાનના પ્રકાર ૧૩
ધર્મ અને ધર્મધ્યાનની વ્યાખ્યાઓ ૧૪
ધ્યાનનું લક્ષણ ૧૫
'એકાગ્ર ચિંતાનિરોધ'નો વિશેષાર્થ ૧૬
ધ્યાનની અન્ય વ્યાખ્યાઓ ૧૮

તૃતીય અધ્યાય : ધ્યાન માટેની સામગ્રી અને પ્રેરણા ૨૧

ધર્મધ્યાન માટે આ કાળ યોગ્ય છે ૨૨

ચતુર્થ અધ્યાય : પરાશ્રય ધ્યાન ૨૫

ધ્યાનનો પ્રદેશ અને ધ્યાતાનું સ્વરૂપ ૨૫
સ્વરૂપાલંબન અને પરાલંબન ધ્યાન ૨૬
નામાદિ ચતુર્વિધ ધ્યેય ૨૭
નામ ધ્યેય ૨૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સ્થાપના ધ્યેય ૨૯
દ્રવ્ય ધ્યેય ૩૦
ભાવ ધ્યેય ૩૨
શ્રીસિદ્ધાત્માનું સ્વરૂપ ૩૨
શ્રીઅરિહંતનું સ્વરૂપ ૩૩
દ્વિવિધ ધ્યેય ૩૫
દ્રવ્યધ્યેય અને ભાવધ્યેય ૩૫

પંચમ અધ્યાય : સ્વાત્માલંબન ધ્યાન ૩૮

શ્રુતભાવના ૩૯
સ્વસંવેદન ૪૨
સ્વસંવેદનનું ફળ ૪૫
નૈરાત્મ્યવાદ અને અદ્વૈતવાદનો સમન્વય ૪૬

ષષ્ઠ અધ્યાય : 'અર્હં'નું અભેદ પ્રણિધાન અને ધ્યાનનાં ફળો ૫૦

એક શંકા ૫૧
સમાધાન ૫૧
પ્રકારાંતરે સમાધાન ૫૨
ધ્યાનની સામગ્રી ૫૭
ધ્યાનના મુખ્ય હેતુઓ ૫૮
શુક્લધ્યાનની વ્યાખ્યા ૫૯

સપ્તમ અધ્યાય : મુક્તાત્માનું સ્વરૂપ ૬૨

સિદ્ધસુખવિષયક શંકા ૬૪
સમાધાન ૬૪
મોક્ષ સ્યાદ્વાદીને જ ઘટે ૬૬

અષ્ટમ અધ્યાય : ઉપસંહાર ૬૮

૪. શબ્દસૂચિ ૭૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિવેદન

લગભગ અઢીસો શ્લોક પ્રમાણની આ કૃતિ ધ્યાન જેવા ગંભીર વિષય પર સારો પ્રકાશ પાડે છે. જો કે આમાં ધ્યાન અંગેની અનેકવિધ પ્રક્રિયાઓ, પ્રણાલિકાઓ, અનુષ્ઠાનો કે આમ્નાયોની વિગતપૂર્ણ માહિતી આપવાનું કે તેનો સમન્વય કરવાનું દૃષ્ટિબિંદુ નથી; પરંતુ વ્યવસ્થિત વર્ગીકરણ અને વ્યાખ્યાનિર્દેશ દ્વારા ધ્યાનમાર્ગમાં પ્રવેશ કરનાર માટે ઉચિત ભૂમિકા બાંધવાનું ધ્યેય છે અને તે ધ્યેય કર્તાએ સફળ રીતે પાર પાડયું છે. ધ્યાનનો વિષય એવો ગહન છે કે તેમાં ચાંચ બૂડવી ધારીએ એટલી સરળ નથી; અને કૃતિના કર્તા નાગસેન મુનિ પણ પોતાની મર્યાદાનો અતિ વિનમ્રભાવે સ્વીકાર કરતાં કહે છે કે : " આ ધ્યાનવિષય અત્યંત ગંભીર છે, મારા જેવાની તેમાં પહોંચ નથી; છતાં પણ અહીં કેવળ ધ્યાન પરની ભક્તિથી પ્રેરાયેલા મેં પ્રયત્ન કર્યો છે. (શ્લોક નં. ૨૫૩)." તેમ છતાં એટલું આપણે નિઃશંકપણે કહી શકીએ કે કર્તાએ ધ્યાનના વિષયમાં જે આ પ્રયત્ન કર્યો છે તે ખૂબ પ્રશસ્ય તથા મનનીય છે; અને તેમને જે વાતની જાણ છે તેનો જ બિલકુલ મોટાઈ વિના નિશ્ચયાત્મક રીતે અને નક્કરપણે નિર્દેશ કર્યો છે.

સમસ્ત કૃતિનું મુખ્ય લક્ષ્ય ' મોક્ષ ' છે; અને જીવનનું લક્ષ્ય પણ એ જ હોઈ શકે. મોક્ષમાર્ગને રુંધનાર બંધ છે અને તેનાં પણ અનેક કારણો છે. તે કારણો દૂર થતાં મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. મોક્ષપ્રાપ્તિના મહત્ત્વના ઉપાય તરીકે ધ્યાનને ખૂબ અગત્ય આપવામાં આવી છે અને ધ્યાન-સિદ્ધિનો આધાર મન છે; કારણ કે સ્થિર મનને જ ધ્યાન કહેવામાં આવે છે. (ततः स्थिरं मनो ध्यानं.....શ્લોક નં. ૬૮). ટૂંકમાં, મનુષ્યનું મન તેના બંધ કે મોક્ષ માટે કારણભૂત છે (मनः एव मनुष्याणां कारणं बंधमोक्षयोः) અને આ સનાતન સત્યનો કર્તાએ સારભૂત ચતુષ્ટય (બંધ–બંધહેતુ, મોક્ષ–મોક્ષહેતુ—यद्वा बन्धश्च मोक्षश्च तद्धेतू च चतुष्टयम्) તરીકે વિશેષ વિસ્તાર કર્યો છે. કર્તા પોતે પણ ગ્રંથના વસ્તુની સ્પષ્ટતા કરતાં કહે છે કે : " આ ગ્રંથમાં ચાર સારભૂત તત્ત્વો કહ્યાં છે—બંધ, બંધના હેતુઓ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મોક્ષ અને મોક્ષના હેતુઓ. એ બધામાં પણ સારભૂત મોક્ષ છે; તે પ્રશસ્ત ધ્યાનપૂર્વક જ હોય છે—એમ સમજીને આ ગ્રંથમાં મેં ધ્યાનનું જ કંઈક વર્ણન કર્યું છે. (શ્લો. ૨૫૨)"

આ રીતે કર્તાએ 'ધ્યાન'ના વર્ણન પાછળ મનને કેન્દ્રિત કર્યું છે, તેમ છતાં તેમનામાં રહેલી કવિત્વશક્તિ અછતી રહેતી નથી; અને તે આ કૃતિની એક નોંધપાત્ર વિશિષ્ટતા છે. ધ્યાન જેવો ગંભીર અને ગહન વિષય હોવા છતાં કર્તાએ ભાષાની મધુરતા છોડી નથી. વર્ણ, પદ કે શબ્દની પસંદગીમાં તેઓ 'ધ્યાની' કરતાં પણ 'કવિ' વિશેષ રહ્યા છે અને તેને પરિણામે આવેલ સૌષ્ઠવમાં કવિની આગવી પ્રતિભા વરતાઈ આવે છે. આમ આ કૃતિમાં જે વર્ણમાધુર્ય, પદલાલિત્ય કે વાણીની પ્રાસાદિકતાનાં દર્શન થાય છે તે કર્તામાં રહેલા ભાષાપ્રભુત્વનો આપણને પરિચય કરાવે છે. ટૂંકમાં, એમ કહી શકીએ કે ધ્યાન અને સાહિત્ય એમ બન્ને રીતે અભ્યસનીય એવી આ કૃતિનું પ્રકાશન આ વિષયમાં પ્રવેશ કરનારને અવશ્ય ઉપયોગી થઈ પડશે.

અહીં એક ખાસ નોંધ લેવાની કે જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી હાલ મુદ્રિત થઈ રહેલ 'નમસ્કાર સ્વાધ્યાય' (સંસ્કૃત વિભાગ)માં આ કૃતિમાંથી નમસ્કારવિષયક સંદર્ભ તારવીને ગુજરાતી અનુવાદ સાથે સમાવિષ્ટ કરવામાં આવેલ છે; પરંતુ આ સંદર્ભ વાંચ્યા પછી પૂ. મુનિવર્ય શ્રી. તત્ત્વાનંદવિજયજીને 'તત્ત્વાનુશાસન'ની આખી કૃતિનું અવલોકન કરવાની ભાવના થઈ અને તે અનુસાર સંસ્થાના માનનીય પ્રમુખ શેઠ શ્રી. અમૃતલાલભાઈએ જેમાં આ કૃતિ સંપૂર્ણપણે મુદ્રિત થયેલ છે તે 'અધ્યાત્મગ્રંથસંગ્રહ'ની નકલ મેળવી આપી. પ્રસ્તુત સંગ્રહનું સંપાદન શ્રી. ધન્યકુમાર જૈને કરેલ છે અને તેનું પ્રકાશન દિગંબર જૈન આચાર્ય સૂર્યસાગર સંઘ, મંદસૌર તરફથી થયેલ છે. 'તત્ત્વાનુશાસન' ઉપરાંત 'વૈરાગ્યમણિમાલા' આદિ અનેક કૃતિઓ આમાં સંગૃહીત કરવામાં આવી છે અને તે સાથે તેનું હિંદી ભાષાંતર પણ આપવામાં આવ્યું છે. લગભગ પંદરેક વર્ષ પહેલાં આ સંગ્રહનું ભેટપુસ્તક તરીકે પ્રકાશન થયેલ અને ત્યારબાદ તેની બીજી આવૃત્તિ થઈ નથી. હમણાં તેની નકલો ખાસ ઉપલબ્ધ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નથી; પરંતુ ઉપર જણાવ્યું તેમ શેઠ શ્રી. અમૃતલાલભાઈએ ખાસ પ્રયાસ કરી એક નકલ મેળવી પૂ. મુનિવર્ય શ્રી. તત્ત્વાનંદવિજયજીને પહોંચાડી હતી.

હિન્દી ભાષાંતરવાળી ઉપર્યુક્ત નકલ ન મળતી હોવાને કારણે તેમ જ આવી સુંદર કૃતિનું હજુ સુધી ગુજરાતી ભાષાંતર ન થયું હોવાને કારણે પૂ. મુનિવર્ય શ્રી. તત્ત્વાનંદવિજયજીને તેનું ગુજરાતી અનુવાદ સાથે સંપાદન કરવાની પ્રેરણા થઈ અને આ પ્રકાશન તે પ્રેરણાનું ફળ છે. આ કૃતિને ગુજરાતીમાં રજૂ કરી ધ્યાનવિષયક ગુજરાતી સાહિત્યમાં પૂ. મુનિવર્ય શ્રી. તત્ત્વાનંદવિજયજીએ નોંધપાત્ર ફાળો અર્પ્યો છે અને તે બીના જેટલી તેમને માટે તેટલી સંસ્થા માટે પણ ગૌરવપ્રદ છે. પૂ. મુનિશ્રીની આ શ્રુત-સેવા બદલ અમે તેઓશ્રીનો સંસ્થા તરફથી હાર્દિક આભાર માનીએ છીએ.

આ અનુવાદનું અનુમોદન કરીને સિદ્ધાન્તમહોદધિ પ. પૂ. આચાર્ય શ્રી. વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજસાહેબે ખાસ સહકાર અર્પ્યો છે અને તે ઉપકાર બદલ અમે તેઓશ્રીના ખૂબ ઋણી છીએ. વળી આ પ્રકાશનમાં જ્યારે જ્યારે આવશ્યકતા જણાઈ ત્યારે ત્યારે પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય, પ. પૂ. પં. શ્રી ભાનુવિજયજી ગણિવર્ય અને પ. પૂ. મુનિ સ્વ. ભુવનવિજયાન્તેવાસી મુનિવર્ય શ્રી જંબૂવિજયજી મહારાજસાહેબે ઉપયોગી સૂચનો કર્યાં હતાં, જે બદલ એ સર્વે ગુરુવર્યોના અમે અત્યંત આભારી છીએ.

'શ્રીમન્નાગસેનાચાર્યપ્રણીત તત્ત્વાનુશાસન'—કૃતિને અપાયેલ આ શીર્ષક અંગે કેટલીક સ્પષ્ટતા કરવાની રહે છે. શ્રી. નાગસેન મુનિને 'આચાર્ય' પદવી મળી હતી કે કેમ એ એક અણઉકલ્યો પ્રશ્ન છે. પ્રસ્તુત ગ્રંથને અંતે તેમણે પોતે પોતાના માટે 'મુનિ' શબ્દનો પ્રયોગ કર્યો છે (શ્લોક નં. ૨૫૬, ૨૫૭); પરંતુ તેથી તો એમ ધારી શકાય કે તેમણે મુનિ-અવસ્થામાં આ કૃતિની રચના કરી હશે. ઇતિહાસના ગ્રંથોમાં આ અંગે નિર્ણયાત્મક કહી શકાય એવી કંઈ માહિતી મળી નથી એટલે શ્રી. ધન્યકુમાર જૈને "અધ્યાત્મગ્રંથસંગ્રહ"માં જે શીર્ષક આપ્યું છે તે જ અહીં કાયમ રાખ્યું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીનાગસેનમુનિ 'આચાર્ય' પદવી પામ્યા હતા કે નહીં એ પ્રશ્ન ઉપરાંત બીજો પ્રશ્ન એ પણ છે કે આ કૃતિના કર્તા 'શ્રી. નાગસેન' હતા કે 'શ્રી. રામસેન'? ડૉ. એચ. ડી. વેલણકરે સને ૧૯૪૪માં પ્રકાશિત કરેલ 'જિનરત્નકોશ'માં 'तत्त्वानुशासन' અંગે જે માહિતી આપી છે તેમાં જણાવ્યું છે કે ૨૫૯ સંસ્કૃત શ્લોક પ્રમાણની આ રચનાના કર્તા શ્રી. રામસેન હતા અને તેઓ શ્રી. નાગસેનના શિષ્ય હતા; અને તેમના બીજા ગુરુઓ શ્રી. વિજયદેવ, શ્રી મહેન્દ્રદેવ, શ્રી. પુણ્યમૂર્તિ તથા શ્રી. વીરચન્દ્ર હતા. અહીં રજૂ કરેલ પ્રકાશનને અંતે (શ્લોક નં. ૨૫૬) જણાવ્યું છે કે આ કૃતિના કર્તા શ્રી. નાગસેનમુનિ હતા અને શ્રી. વીરચન્દ્ર, શ્રી. શુભદેવ તથા શ્રી. મહેન્દ્રદેવ તેમના વિદ્યાગુરુ (શાસ્ત્રગુરુ) હતા અને પુણ્યમૂર્તિસમા (?) શ્રી. વિજયદેવ દીક્ષાગુરુ હતા. માણિક્યચંદ્ર દિગંબર જૈન ગ્રંથમાલાના પુસ્તક નં. ૧૩ તરીકે ઈ. સ. ૧૯૧૫માં પ્રકાશિત થયેલ 'तत्त्वानुशासन'માં તેના કર્તા તરીકે શ્રી. 'નાગસેન'નો ઉલ્લેખ છે, પરંતુ આ ઉલ્લેખ ભૂલથી થયો છે, એવો ખુલાસો 'જૈન હિતૈષી'* માસિકમાં કરવામાં આવ્યો હતો. જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સે (પાયધુની, મુંબઈ) ઈ. સ. ૧૯૦૯ (વિ. સં. ૧૯૬૫)માં પ્રકાશિત કરેલ 'જૈનગ્રન્થાવલી'ના પૃષ્ઠ ૯૦ ઉપર 'तत्त्वानुशासन'ના કર્તા શ્રી. સમંતભદ્ર હોવાનું જણાવ્યું છે. †

ઉપર જણાવ્યું તેમ માણિક્યચંદ્ર દિગંબર જૈન ગ્રંથમાલા, મુંબઈ તરફથી સને ૧૯૧૫માં 'तत्त्वानुशासन'નું સૌથી પ્રથમ પ્રકાશન થયેલ છે. ત્યારબાદ સને ૧૯૨૧માં સનાતન જૈન ગ્રંથાવલિ, કલકત્તા તરફથી તે પ્રકાશિત થયેલ છે; અને છેલ્લે સને ૧૯૪૬ (વીર સંવત ૨૪૭૨)માં પ્રકાશિત થયેલ 'અધ્યાત્મગ્રંથસંગ્રહ'માં તેને સમાવિષ્ટ કરવામાં આવેલ છે.

જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી પ્રકાશિત થતા આ પુસ્તકને માટે માત્ર 'અધ્યાત્મગ્રંથસંગ્રહ'માં મુદ્રિત થયેલ 'तत्त्वानुशासन'ના મૂળપાઠને સામે રાખવામાં આવ્યો છે; કારણ કે આ પ્રકાશનનો મુખ્ય હેતુ 'ગુજરાતી

* જુઓ—'જૈન હિતૈષી' પુસ્તક નં. ૧૪, પૃષ્ઠ નં. ૩૧૩.
† જુઓ—'જૈન હિતૈષી' પુસ્તક નં. ૧૪, પૃષ્ઠ નં. ૩૧૨.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનુવાદ ' રજૂ કરવાનો છે. એટલે મૂળપાઠને ચકાસી જોવા કે અન્ય પાઠાંતરો નોંધવાની દૃષ્ટિએ કોઈ હસ્તપ્રત મેળવવાનો પ્રયાસ કરવામાં આવ્યો નથી; જો કે ડૉ. વેલણકરે ' जिनरत्नकोश 'માં જણાવ્યા અનુસાર તેની આઠેક હસ્તપ્રતો ‡ પ્રાપ્ત થાય છે.

શ્રીમદ્દેવનંદિ અપરનામ પૂજ્યપાદસ્વામીવિરચિત ' ઇષ્ટોપદેશ ' ઉપર પંડિતપ્રવર શ્રી આશાધરે સંસ્કૃતટીકા રચેલ છે અને એ ટીકામાં તેમણે ' તત્ત્વાનુશાસન 'ના કેટલાય શ્લોકો સરખામણી માટે ટાંક્યા છે. § ' અધ્યાત્મ-

‡ (૧) ચન્દ્રપ્રભ જૈન મંદિર, ભુલેશ્વર; મુંબઈ (પન્નાલાલ દિગંબર જૈન સરસ્વતી ભવન, મુંબઈ–૩ માંથી પ્રાપ્ત થયેલ સંગ્રહ)ની પોટલી નં. ૫૩ માંની હસ્તપ્રત.

(૨) મધ્યપ્રાંત તથા વરાડમાં ફરીને રાયબહાદુર શ્રી. હીરાલાલે એકત્રિત કરેલ સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથોની યાદી, જે નાગપુરથી ઈ. સ. ૧૯૨૬ માં પ્રકાશિત થઈ છે તેના પૃષ્ઠ નં. ૬૪૮ પર નોંધાયેલ હસ્તપ્રત.

(૩) દિગંબર ભંડાર, ઈડર (જીલ્લો–અમદાવાદની) પોટલી નં. ૮૪માંની હસ્તપ્રત.

(૪) પન્નાલાલ દિગંબર જૈન સરસ્વતી ભવન, ભુલેશ્વર; મુંબઈના પુસ્તકાલયમાં જે પ્રતોનો સંગ્રહ છે તેમાં જનરલ નં. ૧૬૪૩ની હસ્તપ્રત.

(૫) જૈન સિદ્ધાન્ત ભવન, આરાના જ્ઞાનભંડારનું જે સૂચિપત્ર ઈ. સ. ૧૯૧૯માં પ્રકાશિત થયેલ છે તેમાં નોંધાયેલ ૧૮૧ નંબરની હસ્તપ્રત.

(૬) ચારુકીર્તિ ભટ્ટારક જ્ઞાનભંડાર, મુડબિદ્રી (દક્ષિણ કેનેરા)માંની નં. ૯૫, ૩૮૬ અને ૫૭૫ ની પોટલીઓમાંની હસ્તપ્રતો.

§ જુઓ :—

तत्त्वानुशासन	इष्टोपदेश
પૃષ્ઠ–શ્લોક	પૃષ્ઠ
૧૮– ૬૭	૩૧
૨૪– ૮૭	૪૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગ્રંથસંગ્રહ'ના સંપાદક જૈનદર્શનાચાર્ય શ્રી. ધન્યકુમાર જૈને જ તે 'ઇષ્ટોપદેશ' નું પં. આશાધરકૃત સંસ્કૃતટીકા તથા હિંદી, ગુજરાતી, મરાઠી અને અંગ્રેજી ગદ્ય-પદ્ય અનુવાદો સાથે સંપાદન કરી તેને શ્રી રાયચન્દ્ર જૈન શાસ્ત્રમાલાના પુસ્તક નં. ૨૨ તરીકે પરમશ્રુતપ્રભાવક મંડળ (ચોકસી બજાર, ખારાકુવા, ઝવેરી બજાર, મુંબઈ–૨) તરફથી વિ. સં. ૨૦૧૦ (ઈ. સ. ૧૯૫૪)માં પ્રકાશિત કરેલ છે. આ પુસ્તકમાં 'તત્ત્વાનુશાસન'ના કર્તા 'શ્રી નાગસેન આચાર્ય' હતા એવો સંપાદકે સ્પષ્ટ નિર્દેશ કર્યો છે.

'તત્ત્વાનુશાસન' ઉપરાંત શ્રી નાગસેન આચાર્યે 'આરાધનાસાર' નામનો લગભગ બે હજાર શ્લોક પ્રમાણનો ગ્રંથ રચ્યાનું જાણવા મળે છે. આ સિવાય બીજી કંઈ નોંધપાત્ર માહિતી ઉપલબ્ધ થઈ નથી.

પુસ્તકને અંતે શબ્દસૂચિ આપી છે, જે અભ્યાસીઓને ઉપયોગી થઈ પડશે.

ભાદરવા સુદ ૧, વિ. સં. ૨૦૧૭
સોમવાર, તા. ૧૧–૯–૧૯૬૧
વિલેપારલે, મુંબઈ–૫૬

લિ. સેવક
નવીનચંદ્ર અંબાલાલ શાહ, એમ. એ.
મંત્રી, જૈન સાહિત્ય વિકાસ મંડળ

૪૦–૧૫૮	૩૩
૪૫–૧૭૦	૪૦
૪૫–૧૭૨	૪૮
૫૩–૧૯૬	૫
૫૩–૧૯૭	૫
૫૮–૨૧૭	૨૩
૫૮–૨૨૦	૨૪
૬૦–૨૨૫	૨૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બે બોલ

શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ તરફથી 'તત્ત્વાનુશાસન' ગ્રંથનું મેટર મારા ઉપર મોકલવામાં આવ્યું હતું. તેમાંથી કેટલોક વિભાગ 'નમસ્કાર-સ્વાધ્યાય (સંસ્કૃત વિભાગ)' માટે લેવાનો હતો. 'તત્ત્વાનુશાસન' ગ્રંથનું પ્રથમ વાર જ્યારે અવલોકન કર્યું, ત્યારે તે ગ્રંથનો મન ઉપર સુંદર પ્રભાવ પડ્યો. તે વખતે એવું લાગ્યું કે ધ્યાનમાર્ગ માટે આ ગ્રંથ અત્યંત ઉપયોગી હોવાથી તે પ્રત્યેક મુમુક્ષુના અધ્યયનનો વિષય બનવો જોઈએ. આ વિચારે સમગ્ર ગ્રંથના ગુજરાતી અનુવાદ માટે પ્રેરણા આપી.

'અધ્યાત્મગ્રંથસંગ્રહ' નામના સંગ્રહાત્મક ગ્રંથમાં આ ગ્રંથ પૂર્વે હિંદી અનુવાદસહિત શ્રી લક્ષ્મીચંદ વર્ણી, મંદસૌર, માલવા તરફથી પ્રકાશિત થયેલ છે. તેના સંપાદક ઇન્દોરના દર્શનશાસ્ત્રી શ્રી. ધન્યકુમાર જૈન, એમ. એ., છે. એ ગ્રંથ આજે ઉપલબ્ધ નથી, તેની એક નકલ શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળના પ્રમુખ **સુશ્રાવક શ્રી. અમૃતલાલ કાલિદાસ દોશી**ને મળી આવેલી,તેના ઉપરથી તેમણે એક નકલ લખાવી લીધેલી. એ નકલ અનુવાદ કરતી વખતે મને ઉપયોગી નીવડી છે. મૂલ ગ્રંથોમાં અધ્યાયોનો ક્રમ નથી, તે અમે કર્યો છે.

'તત્ત્વાનુશાસન'ના કર્તા જૈન દિગંબર સંપ્રદાયના મુનિ (આચાર્ય?) શ્રી. નાગસેન છે. તેમના શ્રી. વીરચંદ્ર, શ્રી. શુભદેવ અને શ્રી. મહેંદ્રદેવ વિદ્યાગુરુઓ હતા અને શ્રી. વિજયદેવ દીક્ષાગુરુ હતા, એમ પ્રશસ્તિ કહે છે. ઇતિહાસના ગ્રંથોમાં ગ્રંથકર્તા વિશે ખાસ ઉલ્લેખ મળ્યો નથી.

ગ્રંથની રચના ગ્રંથકર્તાની અગાધ વિદ્વત્તાને સ્વયં કહી આપે છે. આ ગ્રંથનો વિશિષ્ટ ક્રમ વાચકના મનને પ્રભાવિત કરે છે. રચના સુંદર ભાષામાં અને તર્કપ્રધાન શૈલીમાં છે. સમગ્ર ગ્રંથનો મુખ્ય વિષય ધ્યાન છે. ગ્રંથમાં બંધ, બંધહેતુ, મોક્ષ અને મોક્ષહેતુ—એ ચાર સારભૂત તત્ત્વોનું સુંદર વર્ણન છે. ગ્રંથકર્તાએ ધ્યાનનું સ્વરૂપ, પરાશ્રય ધ્યાન, સ્વાશ્રય ધ્યાન, ધ્યાનની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સામગ્રી, ધ્યાનનાં ફળો, ધ્યાનનું માહાત્મ્ય, ધ્યાન માટે પ્રેરણા, વગેરે ધ્યાન-સંબંધી અનેક વિષયો વિશિષ્ટ ક્રમે રજૂ કર્યા છે.

આ સંપૂર્ણ અનુવાદને ધ્યાનમાર્ગના જાણકાર પ. પૂ. પં. શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય કાળજીપૂર્વક જોઈ ગયા છે. એ માટે હું તેઓશ્રીનો અત્યંત ઋણી છું.

પ્રસ્તુત અનુવાદથી અનુવાદકના આત્મામાં જે કાંઈ પુણ્ય એકત્ર થયું હોય, તેનાથી સર્વ જગતનું કલ્યાણ થાઓ.

શ્રાવણ સુદ ૬, ૨૦૧૭
પાલી
રાજસ્થાન

—મુનિ તત્ત્વાનંદવિજય



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમન્નાગસેનાચાર્યપ્રણીત

તત્ત્વાનુશાસન

પ્રથમ અધ્યાય

સારભૂત ચતુષ્ટય

(બંધ–બંધહેતુ–મોક્ષ–મોક્ષહેતુ)

મંગલાચરણ

सिद्धस्वार्थानशेषार्थस्वरूपस्योपदेशकान् ।
परापरगुरून् नत्वा, वक्ष्ये तत्त्वानुशासनम् ॥ १ ॥

જેઓનાં સર્વ સ્વપ્રયોજનો સિદ્ધ થયાં છે અને જેઓ નિખિલ પદાર્થોના સ્વરૂપનો ઉપદેશ કરનારા છે એવા પર અને અપર ગુરુઓને નમસ્કાર કરીને હું '**તત્ત્વાનુશાસન**' કહું છું. ॥ ૧ ॥

સર્વજ્ઞાસ્તિત્વસિદ્ધિ

अस्ति वास्तवसर्वज्ञः सर्वगीर्वाणवन्दितः ।
घातिकर्मक्षयोद्भूतस्पष्टानन्तचतुष्टयः ॥ २ ॥

ચારે ઘાતિકર્મોના ક્ષયથી પ્રગટ થયાં છે સ્પષ્ટ રૂપમાં ચાર અનંતા–(અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર અને અનંત વીર્ય) જેમને અને જેઓ સર્વ દેવોથી વંદાયેલા છે, એવા '**શ્રી સર્વજ્ઞ ભગવંત**' વાસ્તવિકરૂપે છે જ. ॥ ૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વજ્ઞકથિત તત્ત્વ

तापत्रयोपतप्तेभ्यो, भव्येभ्यः शिवशर्मणे ।
तत्त्वं हेयमुपादेयमिति द्वेधाऽभ्यधादसौ ॥ ३ ॥

એ શ્રી સર્વજ્ઞ ભગવંતે ત્રિવિધ તાપથી તપેલા ભવ્ય જીવોને મોક્ષ-સુખની પ્રાપ્તિ માટે હેય અને ઉપાદેય એમ બે પ્રકારનું તત્ત્વ કહ્યું છે. ॥ ૩ ॥

હેય તત્ત્વ

बन्धो निबन्धनं चास्य, हेयमित्युपदर्शितम् ।
हेयं स्याद् दुःखसुखयोर्यस्माद् बीजमिदं द्वयम् ॥ ४ ॥

સાંસારિક સુખદુઃખનું બીજ હોવાથી કર્મબંધ અને એનું કારણ એ બંને હેય છે, એમ દર્શાવેલું છે. ॥ ૪ ॥

ઉપાદેય તત્ત્વ

मोक्षस्तत्कारणं चैतदुपादेयमुदाहृतम् ।
उपादेयं सुखं यस्मादस्मादाविर्भविष्यति ॥ ५ ॥

મોક્ષ અને તેનું કારણ ઉપાદેય કહેલ છે, કેમકે ઉપાદેય જે (લોકોત્તર) સુખ તે એનાથી પ્રકટ થાય છે. ॥ ૫ ॥

બંધની વ્યાખ્યા અને ભેદો

तत्र बन्धः स(स्व) हेतुभ्यो, यः संश्लेषः परस्परम् ।
जीवकर्मप्रदेशानां, स प्रसिद्धश्चतुर्विधः ॥ ६ ॥

તેમાં જીવ અને કર્મના પ્રદેશોનો જે પરસ્પર સંશ્લેષ તે બંધ છે. તે સ્વહેતુઓ (મિથ્યાત્વાદિ)થી થાય છે અને પ્રકૃતિ-બંધાદિ ચાર ભેદે પ્રસિદ્ધ છે. ॥ ૬ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બંધનું કાર્ય

बन्धस्य कार्यः (यं) संसारः, सर्वदुःखप्रदोऽङ्गिनाम् ।
द्रव्यक्षेत्रादिभेदेन, स चानेकविधः स्मृतः ॥ ७ ॥

બંધનું કાર્ય (ફળ) પ્રાણીઓને સર્વપ્રકારનાં દુઃખ આપનારો સંસાર છે. અને તે દ્રવ્યસંસાર, ક્ષેત્રસંસાર વગેરે ભેદોથી અનેક પ્રકારનો કહેલો છે. ॥ ૭ ॥

બંધના હેતુઓ

स्युर्मिथ्यादर्शनज्ञानचारित्राणि समासतः ।
बन्धस्य हेतवोऽन्यस्तु, त्रयाणामेव विस्तरः ॥ ८ ॥

સંક્ષેપમાં મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર એ ત્રણ બન્ધના હેતુઓ છે. અન્ય હેતુસમુદાય તો એ ત્રણનો જ વિસ્તાર છે. ॥ ૮ ॥

મિથ્યાદર્શનની વ્યાખ્યા

अन्यथाऽवस्थितेष्वर्थेष्वन्यथैव रुचिर्नृणाम् ।
दृष्टिमोहोदयान्मोहो, मिथ्यादर्शनमुच्यते ॥ ९ ॥

દર્શનમોહનીય કર્મના ઉદયથી, પદાર્થો જે રૂપે રહેલા છે તેમાં તેથી અન્ય પ્રકારની રુચિરૂપ થતી મૂઢતાને મિથ્યાદર્શન કહેવાય છે. ॥ ૯ ॥

મિથ્યાજ્ઞાનની વ્યાખ્યા

ज्ञानावृत्युदयादर्थेष्वन्यथाऽधिगमो भ्रमः ।
अज्ञानं संशयश्चेति, मिथ्याज्ञानमिह त्रिधा ॥ १० ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી, પદાર્થોમાં અન્યપ્રકારની (અયથાર્થ) સમજ તે મિથ્યાજ્ઞાન કહેવાય છે. તે ભ્રમ, અજ્ઞાન અને સંશય એમ ત્રણ પ્રકારનું છે. ॥ ૧૦ ॥

મિથ્યાચારિત્રની વ્યાખ્યા

वृत्तिमोहोदयाज्जन्तोः, कषायवशवर्तिनः ।
योगप्रवृत्तिरशुभा, मिथ्याचारित्रमूचिरे ॥ ११ ॥

ચારિત્રમોહનીય કર્મના ઉદયથી કષાયવશવર્તી જીવની મન-વચન-કાયાથી થતી અશુભ પ્રવૃત્તિને મિથ્યાચારિત્ર કહેલ છે. ॥ ૧૧ ॥

કર્મબંધનું પ્રધાન કારણ–મોહરાજ

बन्धहेतुषु सर्वेषु, मोहश्च प्राक् प्रकीर्तितः ।
मिथ्याज्ञानं तु तस्यैव, सचिवत्वमशिश्रियत् ॥ १२ ॥

સર્વ બંધહેતુઓમાં મોહને સૌથી પ્રથમ કહ્યો છે અને મિથ્યાજ્ઞાને તો તેનું જ મંત્રીપણું સ્વીકાર્યું છે. ॥ ૧૨ ॥

મોહરાજના સેનાપતિ

ममाऽहङ्कारनामानौ, सेनान्यौ तौ च तत्सुतौ ।
यदायत्तः सुदुर्भेदो मोहव्यूहः प्रवर्त्तते ॥ १३ ॥

જેમને આધીન અત્યંત દુર્ભેદ્ય એવો મોહ વ્યૂહ પ્રવર્તે છે, તે બે મમકાર અને અહંકાર નામના મોહરાજના પુત્રો એ તેના સેનાપતિઓ છે. ॥ ૧૩ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મમકારનું સ્વરૂપ

शश्वदनात्मीयेषु स्वतनुप्रमुखेषु कर्मजनितेषु ।
आत्मीयाभिनिवेशो ममकारो मम यथा देहः ॥ १४ ॥

કર્મે ઉત્પન્ન કરેલા અને પરમાર્થથી કદી પણ પોતાના ન થનારા એવા સ્વપુત્રાદિ વિષે આત્મીયતાનો અસદાગ્રહ તે મમકાર છે; જેમ કે 'મારું શરીર' વગેરે. ॥ ૧૪ ॥

અહંકારનું સ્વરૂપ

ये कर्मकृता भावाः परमार्थनयेन चात्मनो भिन्नाः ।
तत्रात्माऽऽत्माभिनिवेशोऽहङ्कारोऽहं यथा नृपतिः ॥ १५ ॥

કર્મે સર્જેલા ભાવો જે પરમાર્થ (નિશ્ચય) નયથી આત્માથી ભિન્ન છે, તેમાં પોતાપણાનો અભિનિવેશ તે અહંકાર છે; જેમ કે 'હું રાજા' વગેરે. ॥ ૧૫ ॥

મમકાર-અહંકારનું કારણ અને કાર્ય

मिथ्याज्ञानान्वितान्मोहान्ममाहङ्कारसंभवः ।
इमकाभ्यां तु जीवस्य, रागो द्वेषस्तु जायते ॥ १६ ॥

મિથ્યાજ્ઞાનથી યુક્ત મોહના કારણે મમકાર અને અહંકાર ઉપજે છે અને આ બેથી જ જીવને રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે. ॥ ૧૬ ॥

ताभ्यां पुनः कषायाः स्युर्नोकषायाश्च तन्मयाः ।
तेभ्यो योगाः प्रवर्तन्ते, ततः प्राणिवधादयः ॥ १७ ॥

વળી તે રાગદ્વેષથી કષાયો અને કષાયમય નોકષાયો થાય છે. તેથી યોગો પ્રવર્તે છે. તેથી જીવહિંસાદિ થાય છે. ॥ ૧૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तेभ्यः कर्माणि बध्यन्ते, ततः सुगतिदुर्गती ।
तत्र कायाः प्रजायन्ते, सहजानीन्द्रियाणि च ॥ १८ ॥

તે હિંસાદિથી કર્મો બંધાય છે. તેથી સદ્ગતિ અને દુર્ગતિ થાય છે. ત્યાં શરીરો અને શરીર સાથે પ્રાપ્ત થનારી ઇન્દ્રિયો પણ ઉત્પન્ન થાય છે. ॥ ૧૮ ॥

तदर्थानिन्द्रियैर्गृह्णन्, मुह्यति द्वेष्टि रज्यते ।
ततो बन्धो भ्रमत्येवं, मोहव्यूहगतः पुमान् ॥ १९ ॥

ઇન્દ્રિયોના વિષયોને ઇન્દ્રિયો વડે ગ્રહણ કરતો જીવ મૂઢ બને છે, અણગમતા વિષયો પર દ્વેષ કરે છે અને મનગમતા વિષયો પર રાગ કરે છે. તેથી પાછો કર્મબંધ થાય છે. આ પ્રમાણે મોહના ચક્રાવામાં ચઢેલો પુરુષ (સંસારમાં) ભમે છે. ॥ ૧૯ ॥

મોહાદિના નાશ માટે પ્રેરણા

तस्मादेतस्य मोहस्य, मिथ्याज्ञानस्य च द्विषः ।
ममाऽहङ्कारयोश्चात्मन्, विनाशाय कुरूद्यमम् ॥ २० ॥

તેથી હે જીવ ! આ શત્રુભૂત મોહ, મિથ્યાજ્ઞાન, મમકાર અને અહંકારનો વિનાશ કરવા માટે ઉદ્યમ કર. ॥ ૨૦ ॥

बन्धहेतुषु मुख्येषु नश्यत्सु क्रमशस्तव ।
शेषोपि रागद्वेषादिबन्धहेतुर्विनश्यति ॥ २१ ॥

કર્મબન્ધના મુખ્ય હેતુઓનો નાશ થતાં અનુક્રમે રાગદ્વેષ વગેરે સર્વ બન્ધહેતુઓનો પણ વિનાશ થશે. ॥ ૨૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ततस्त्वं बन्धहेतूनां, समस्तानां विनाशतः ।
बन्धप्रणाशमुक्तः सन्, न भ्रमिष्यसि संसृतौ ॥ २२ ॥

સમસ્ત બન્ધહેતુઓના વિનાશથી બંધનો સર્વથા નાશ પામશે. એ રીતે મુક્ત થવાથી તું સંસારમાં નહીં ભમે. ॥ ૨૨ ॥

બંધહેતુઓના નાશનો ઉપાય

बन्धहेतुविनाशस्तु, मोक्षहेतुपरिग्रहात् ।
परस्परविरुद्धत्वाच्छीतोष्णस्पर्शवत्तयोः ॥ २३ ॥

બન્ધહેતુઓનો વિનાશ મોક્ષના હેતુઓના સ્વીકારથી થાય છે, કેમ કે તે બન્ને શીત અને ઉષ્ણ સ્પર્શની જેમ પરસ્પર વિરુદ્ધ છે. ॥ ૨૩ ॥

મોક્ષનો હેતુ

स्यात्सम्यग्दर्शनज्ञानचारित्रत्रितयात्मकः ।
मुक्तिहेतुर्जिनोपज्ञं निर्जरा-संवरक्रियः ॥ २४ ॥

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રિતયરૂપ મુક્તિહેતુને શ્રી જિનેશ્વર ભગવંતોએ સર્વ પ્રથમ જાણ્યો છે. તેનાથી સંવર અને નિર્જરાની ક્રિયા થાય છે. ॥ ૨૪ ॥

સમ્યગ્દર્શનની વ્યાખ્યા

जीवादयो नवाप्यर्था, ये यथा जिनभाषिताः ।
ते तथैवेति या श्रद्धा, सा सम्यग्दर्शनं स्मृतम् ॥ २५ ॥

જીવ આદિ નવપદાર્થોને શ્રી જિનેશ્વરોએ જેવા સ્વરૂપવાળા કહ્યા છે, 'તે તેવા જ છે,' એવી જે શ્રદ્ધા તેને સમ્યગ્દર્શન કહ્યું છે. ॥ ૨૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમ્યગ્જ્ઞાનની વ્યાખ્યા

प्रमाण-नय-निक्षेपैर्यो यथात्म्येन निश्चयः ।
जीवादिषु पदार्थेषु, सम्यग्ज्ञानं तदिष्यते ॥ २६ ॥

જીવાદિ તત્ત્વોને વિષે પ્રમાણ-નય-અને નિક્ષેપ વડે યથાર્થ નિશ્ચય તે સમ્યગ્જ્ઞાન છે. ॥ ૨૬ ॥

સમ્યક્ચારિત્રની વ્યાખ્યા

चेतसा वचसा तन्वा, कृतानुमतकारितैः ।
पापक्रियाणां यस्त्यागः, सच्चारित्रमुषन्ति तत् ॥ २७ ॥

મન, વચન અને કાયાથી કરવા, કરાવવા અને અનુમોદવા વડે પાપક્રિયાના ત્યાગને સચ્ચારિત્ર કહે છે. ॥ ૨૭ ॥

મોક્ષહેતુના પ્રકારો

मोक्षहेतुः पुनर्द्वेधः, निश्चयव्यवहारतः ।
तत्राद्यः साध्यरूपः स्याद्, द्वितीयस्तस्य साधनम् ॥ २८ ॥

વળી આ મોક્ષહેતુ નિશ્ચય અને વ્યવહારની અપેક્ષાએ બે પ્રકારનો છે. તેમાં પહેલો નિશ્ચય સાધ્યરૂપ છે અને બીજો વ્યવહાર તેનું સાધન છે. ॥ ૨૮ ॥

નિશ્ચય અને વ્યવહારનું સ્વરૂપ

अभिन्नकर्तृकर्मादिविषयो निश्चयो नयः ।
व्यवहारनयो भिन्नकर्तृकर्मादिगोचरः ॥ २९ ॥

કર્તા, કર્મ વગેરે વિષયોને અભેદ ભાવે સ્વીકારનારો નિશ્ચય નય છે. કર્તા, કર્મ વગેરે વિષયોને ભિન્ન ભિન્ન માનનારો વ્યવહારનય જાણવો ॥ ૨૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વ્યવહારથી મુક્તિહેતુ

धर्मादिश्रद्धानं सम्यक्त्वं, ज्ञानमधिगमस्तेषाम् ।
चरणं च तपसि चेष्टा, व्यवहाराद् मुक्तिहेतुरयम् ॥ ३० ॥

ધર્માસ્તિકાયાદિ દ્રવ્યોના શ્રદ્ધાનરૂપ સમ્યક્ત્વ, તેમના અધિગમરૂપ જ્ઞાન અને તપમાં પ્રવૃત્તિરૂપ ચારિત્ર, એ વ્યવહારથી મુક્તિહેતુ છે. ॥ ૩૦ ॥

નિશ્ચયથી મોક્ષહેતુ

निश्चयनयेन भणितस्त्रिभिरेभिर्यः समाहितो भिक्षुः ।
नोपादत्ते किञ्चन च मुञ्चति मोक्षहेतुरसौ ॥ ३१ ॥

ઉપર્યુક્ત દર્શન-જ્ઞાન-ચારિત્રના બળે સમાધિમાં રમતો જે સાધુ કંઈ ગ્રહણ કરે નહિ અને કંઈ તજે નહિ, તે નિશ્ચયનયથી મોક્ષહેતુ છે. ॥ ૩૧ ॥

यो मध्यस्थः पश्यति, जानात्यात्मानमात्मनात्मन्यात्मा ।
दृगवगमचरणरूपः स्स, निश्चयान्मुक्तिहेतुरितिजिनोक्तिः ॥ ३२ ॥

મધ્યસ્થ એવો જે આત્મા આત્માને આત્મા વડે (આત્મા-માટે, આત્માથી) આત્મામાં જુએ છે અને જાણે છે તે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ હોવાથી નિશ્ચયથી મુક્તિહેતુ છે, એમ શ્રી જિનેશ્વરોએ કહ્યું છે. ॥ ૩૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિતીય અધ્યાય

મોક્ષનું પ્રધાન કારણ : ધ્યાન

स च मुक्तिहेतुरिद्धो ध्याने यस्मादवाप्यते द्विविधोऽपि ।
तस्मादभ्यस्यन्तु ध्यानं सुधियः सदाप्यपास्यालस्यम् ॥ १ ॥ ३३ ॥

આ બન્ને પ્રકારનો દીપ્તિમાન્ (સફળ, સમૃદ્ધ, સમર્થ) મુક્તિનો હેતુ ધ્યાનમાં (ધ્યાનના બળે) પ્રાપ્ત થાય છે, માટે બુદ્ધિશાળી પુરુષોએ આળસને તજીને ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. ॥ ૧ ॥ ૩૩ ॥

ચતુર્વિધ ધ્યાન

आर्त्तं रौद्रं च दुर्ध्यानं, वर्जनीयमिदं सदा ।
धर्मं शुक्लं च सद्ध्यानमुपादेयं मुमुक्षुभिः ॥ २ ॥ ३४ ॥

તેમાં આર્તધ્યાન અને રૌદ્રધ્યાન બન્ને દુર્ધ્યાન છે. તે સદા વર્જનીય છે. ધર્મધ્યાન અને શુક્લધ્યાન શુભધ્યાન છે. તે સદા ઉપાદેય છે. ॥ ૨ ॥ ૩૪ ॥

શુક્લધ્યાનના અધિકારી

वज्रसंहननोपेताः, पूर्वश्रुतसमन्विताः ।
दध्युः शुक्लमिहातीताः, श्रेण्योरारोहणक्षमाः ॥ ३ ॥ ३५ ॥

વજ્રઋષભનારાચ (પ્રથમ) સંઘયણને પામેલા, પૂર્વગતશ્રુતને ધારણ કરનારા અને શ્રેણી પર ચઢવામાં સમર્થ એવા પૂર્વપુરુષોએ આ ક્ષેત્રમાં શુક્લધ્યાનને ધ્યાયું હતું. ॥ ૩ ॥ ૩૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મધ્યાન

તાદૃક્સામગ્ર્યભાવે તુ, ધ્યાતું શુક્લમિહાક્ષમાન્ ।
ઐદંયુગીનાનુદ્દિશ્ય, ધર્મધ્યાનં પ્રચક્ષ્મહે ॥ ૪ ॥ ૩૬ ॥

પરંતુ આ ક્ષેત્રમાં તેવી સામગ્રીના અભાવે શુકલધ્યાન કરવા માટે અસમર્થ એવા વર્તમાનકાલીન જીવોને ઉદ્દેશીને ધર્મધ્યાનને કહીએ છીએ. ॥ ૪ ॥ ૩૬ ॥

ધર્મધ્યાનનાં અંગો

ધ્યાતા ધ્યાનં ફલં ધ્યેયં, યસ્ય યત્ર યદા યથા ।
ઇત્યેતદત્ર બોદ્ધવ્યં, ધ્યાતુકામેન યોગિના ॥ ૫ ॥ ૩૭ ॥

પ્રસ્તુતમાં ધ્યાતા[૧], ધ્યાન[૨], ધ્યાનનું ફળ[૩], ધ્યેય[૪], જેનું[૫], જ્યાં[૬], જ્યારે[૭] અને જે પ્રકારે[૮]—એ આઠ અંગો ધ્યાનની ઇચ્છાવાળા યોગીએ જાણવાં જોઈએ. ॥ ૫ ॥ ૩૭ ॥

ગુપ્તેન્દ્રિયમના ધ્યાતા, ધ્યેયં વસ્તુ યથાસ્થિતમ્ ।
એકાગ્રચિન્તનં ધ્યાનં, નિર્જરા-સંવરૌ ફલમ્ ॥ ૬ ॥ ૩૮ ॥

ઇન્દ્રિયો અને મનને વશ કરનાર તે **ધ્યાતા,** યથાસ્થિત—અકાલ્પનિક વસ્તુ તે **ધ્યેય,** એકાગ્રચિંતન તે **ધ્યાન** અને નિર્જરા-સંવર તે **ફળ** સમજવાં. ॥ ૬ ॥ ૩૮ ॥

દેશઃ કાલશ્ચ સોઽન્વેષ્ય; સા ચાવસ્થાનુગમ્યતામ્ ।
યદા યત્ર યથા ધ્યાનમપવિઘ્નં પ્રસિદ્ધ્યતિ ॥ ૭ ॥ ૩૯ ॥

જ્યારે, જ્યાં, જે પ્રકારે વિઘ્ન વિના ધ્યાન સિદ્ધ થાય, તે કાળ, તે પ્રદેશ અને તે અવસ્થાને શોધો અને અનુસરો. ॥ ૭ ॥ ૩૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इति संक्षेपतो ग्राह्यमष्टाङ्गं योगसाधनम् ।
विवरीतुमदः किञ्चिदुच्यमानं निशम्यताम् ॥ ८ ॥ ४० ॥

એ પ્રમાણે સંક્ષેપમાં યોગમાં સાધનભૂત આઠ અંગો મેળવવાં જરૂરી છે. તેનું વિવરણ કરવા માટે થોડુંક કહું છું, તે સાંભળો. ॥ ૮ ॥ ૪૦ ॥

ધ્યાતાનું લક્ષણ

तत्रासन्नीभवे(व)न्मुक्तिः(क्तेः), किञ्चिदासाद्य कारणम् ।
विरक्तः कामभोगेभ्यस्त्यक्तसर्वपरिग्रहः ॥ ९ ॥ ४१ ॥
अभ्येत्य सम्यगाचार्यं, दीक्षां जैनेश्वरीं श्रितः ।
तपःसंयमसम्पन्नः, प्रमादरहिताशयः ॥ १० ॥ ४२ ॥
सम्यग्निर्णीतजीवादि-ध्येयवस्तुव्यवस्थितिः ।
आर्त्तरौद्रपरित्यागाल्लब्धचित्तप्रसत्तिकः ॥ ११ ॥ ४३ ॥
मुक्तलोकद्वयापेक्षः षोढाऽशेषपरिषहः ।
अनुष्ठितक्रियायोगो, ध्यानयोगे कृतोद्यमः ॥ १२ ॥ ४४ ॥
महासत्त्वः परित्यक्तदुर्लेश्याऽशुभभावनः ।
इतीदृग्लक्षणो ध्याता, धर्मध्यानस्य सम्मतः ॥ १३ ॥ ४५ ॥

મુક્તિની નજીક આવેલો (આસન્નભવ્ય), કોઈ પણ નિમિત્તને પામીને કામભોગોથી વિરક્ત થયેલો, સર્વપરિગ્રહનો ત્યાગી, આચાર્ય ભગવાન પાસે ભાવપૂર્વક આવીને જેણે જૈનેશ્વરી દીક્ષા લીધી છે એવો, તપ અને સંયમથી સંપન્ન, પ્રમાદરહિત ચિત્તવાળો, જીવાદિ ધ્યેય વસ્તુઓની વ્યવસ્થાનો જેણે સારી રીતે નિર્ણય કર્યો છે એવો, આર્ત અને રૌદ્રધ્યાનના પરિત્યાગથી ચિત્તની પ્રસન્નતાને પામેલો, ઉભય લોકની આશંસાથી રહિત, સર્વ પરીષહોને સહન કરનાર, ક્રિયાયોગને વિધિપૂર્વક કરી ચૂકેલો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધ્યાન યોગમાં ઉદ્યમશીલ, સત્ત્વશાળી અને અશુભ લેશ્યાઓ તથા ભાવનાઓથી રહિત એવો ધ્યાતા ધર્મધ્યાનને માટે યોગ્ય મનાયો છે. ॥ ૯–૧૩ ॥ ૪૧–૪૫ ॥

ધર્મધ્યાનના સ્વામી

अप्रमत्तः प्रमत्तश्च सद्दृष्टिर्देशसंयतः ।
धर्मध्यानस्य चत्वारस्तत्त्वार्थे स्वामिनः स्मृताः ॥ १४ ॥ ४६ ॥

ગુણસ્થાનકની અપેક્ષાએ શ્રી તત્ત્વાર્થાધિગમસૂત્રમાં અપ્રમત્ત, પ્રમત્ત, દેશવિરત અને અવિરત સમ્યગ્દૃષ્ટિ એ ચારને ધર્મધ્યાનના સ્વામી કહ્યા છે. ॥ ૧૪ ॥ ૪૬ ॥

मुख्योपचारभेदेन, धर्मध्यानमिह द्विधा ।
अप्रमत्तेषु तन्मुख्यमितरेष्वौपचारिकम् ॥ १५ ॥ ४७ ॥

અહીં મુખ્ય અને ઉપચાર એ બે ભેદથી ધર્મધ્યાન બે પ્રકારે છે, તેમાં અપ્રમત્ત મુનિઓને તે મુખ્ય (નિશ્ચયથી) હોય છે અને તે સિવાયના (પ્રમત્ત ગુણસ્થાનક સુધીના) જીવોને તે ઉપચાર (વ્યવહાર)થી હોય છે ॥ ૧૫ ॥ ૪૭ ॥

ધ્યાતા અને ધ્યાનના પ્રકાર

द्रव्यक्षेत्रादिसामग्री, ध्यानोत्पत्तौ यतस्त्रिधा ।
ध्यातारस्त्रिविधास्तस्मात्, तेषां ध्यानान्यपि त्रिधा ॥ १६ ॥ ४८ ॥

ધ્યાનની ઉત્પત્તિમાં (પ્રાપ્તિમાં) કારણભૂત દ્રવ્ય, ક્ષેત્ર વગેરે સામગ્રી (ઉત્તમ, મધ્યમ અને જઘન્ય એમ) ત્રણ પ્રકારની હોવાથી ધ્યાન કરનારા ત્રણ પ્રકારના હોય છે, તેથી તેઓનાં ધ્યાનો પણ ત્રણ પ્રકારનાં હોય છે ॥ ૧૬ ॥ ૪૮ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

सामग्रीतः प्रकृष्टाया, ध्यातरि ध्यानमुत्तमम् ।
स्याज्जघन्यं जघन्याया, मध्यमायास्तु मध्यमम् ॥ १७ ॥ ४९ ॥

ઉત્તમ સામગ્રીના બળે ધ્યાતામાં ઉત્તમ ધ્યાન, જઘન્ય સામગ્રીથી જઘન્ય અને મધ્યમ સામગ્રીથી મધ્યમ ધ્યાન પ્રાપ્ત થાય છે. ॥ ૧૭ ॥ ૪૯ ॥

श्रुतेन विकलेनापि, ध्याता स्यान्मनसा स्थिरः ।
प्रबुद्धधीरधः श्रेण्यो, धर्मध्यानस्य सुश्रुतः ॥ १८ ॥ ५० ॥

અપૂર્ણ શ્રુત વડે પણ ધ્યાતા (ધર્મધ્યાનમાં) મનથી સ્થિર થઈ શકે છે પરંતુ શ્રેણીની નજીકનું ઉત્તમ ધર્મધ્યાન તો પ્રાયઃ વિકસિત બુદ્ધિવાળા સુશ્રુતને જ હોય છે. ॥ ૧૮ ॥ ૫૦ ॥

ધર્મ અને ધર્મધ્યાનની વ્યાખ્યાઓ

सद्दृष्टि-ज्ञान-वृत्तानि, धर्मं धर्मेश्वरा विदुः ।
तस्माद्यदनपेतं हि, धर्म्यं तद्ध्यानमभ्यधुः ॥ १९ ॥ ५१ ॥

શ્રી તીર્થંકર ભગવંતોએ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ધર્મ કહ્યો છે. તે ધર્મથી યુક્ત જે ધ્યાન તેને ધર્મધ્યાન કહ્યું છે. ॥ ૧૯ ॥ ૫૧ ॥

आत्मनः परिणामो यो, मोहक्षोभविवर्जितः ।
स च धर्मोऽनपेतं यत्, तस्मात्तद्धर्म्यमित्यपि ॥ २० ॥ ५२ ॥

અથવા મોહના વિકારથી રહિત આત્માનો જે પરિણામ તે ધર્મ છે. તેનાથી યુક્ત (જે ધ્યાન) તે ધર્મધ્યાન છે, એમ પણ કહ્યું છે. ॥ ૨૦ ॥ ૫૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

शून्यीभवदिदं विश्वं, स्वरूपेण धृतं यतः ।
तस्माद्वस्तुस्वरूपं हि, प्राहुर्धर्मं महर्षयः ॥ २१ ॥ ५३ ॥

અથવા શૂન્ય બની જતા આ વિશ્વને સ્વરૂપે ધારણ કરી રાખ્યું-ટકાવ્યું છે, તેથી મહર્ષિઓ વસ્તુસ્વરૂપને જ ધર્મ કહે છે. ॥ ૨૧ ॥ ૫૩ ॥

ततोऽनपेतं यज्ज्ञातं तद्धर्म्यं ध्यानमिष्यते ।
धर्मो हि वस्तु याथात्म्यमित्यार्षेष्यभिधानतः ॥ २२ ॥ ५४ ॥

વસ્તુસ્વરૂપથી યુક્ત જે જ્ઞાન થાય છે તે ધર્મધ્યાન કહેવાય છે. આગમમાં પણ 'વસ્તુનું યાથાત્મ્ય (સ્વરૂપ) તે ધર્મ છે'* એમ કહેલું છે. ॥ ૨૨ ॥ ૫૪ ॥

यस्तूत्तमः क्षमादिः स्याद्, धर्मो दशतया परः ।
ततोऽनपेतं यद्ध्यानं, तद्वा धर्म्यमितीरितम् ॥ २३ ॥ ५५ ॥

અથવા તો ક્ષમા વગેરે દશ પ્રકારના શ્રેષ્ઠ યતિધર્મથી યુક્ત જે ધ્યાન તે ધર્મધ્યાન કહેલું છે. ॥ ૨૩ ॥ ૫૫ ॥

ધ્યાનનું લક્ષણ

एकाग्रचिन्तारोधो यः, परिस्पन्देन वर्जितः ।
तद्ध्यानं निर्जराहेतुः, संवरस्य च कारणम् ॥ २४ ॥ ५६ ॥

પરિસ્પંદ (ચંચલતા-ચિત્તના વિષયાંતર ગમન) થી રહિત એવો એક જ વસ્તુના સ્થિર ચિંતન-અધ્યવસાનરૂપ ચિત્તનિરોધ તે ધ્યાન છે. તે નિર્જરાનું અને સંવરનું કારણ છે. ॥ ૨૪ ॥ ૫૬ ॥

---

* वत्थुसहावो धम्मो ।

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

'એકાગ્ર ચિંતાનિરોધ'નો વિશેષાર્થ

एकं प्रधानमित्याहुरग्रमालम्बनं मुखम् ।
चिन्तां स्मृतिं निरोधं तु, तस्यास्तत्रैव वर्त्तनम् ॥ २५ ॥ ५७ ॥

'એકાગ્રચિન્તારોધમાં એક એટલે પ્રધાન-શ્રેષ્ઠ, અગ્ર એટલે આલંબન અથવા મુખ (એ બન્નેનો અર્થ ધ્યેયવસ્તુ, ઉપાય, દ્વાર વગેરે થાય છે), ચિન્તા એટલે સ્મૃતિ અને નિરોધ એટલે સ્મૃતિનું એક પ્રધાન આલંબનમાં જ સ્થિર થવું, એમ મહર્ષિઓએ કહ્યું છે. ॥ ૨૫ ॥ ૫૭ ॥

द्रव्य-पर्याययोर्मध्ये, प्राधान्येन यदर्पितम् ।
तत्र चिन्तानिरोधो यस्तद्ध्यानं बभणुर्जिनाः ॥ २६ ॥ ५८ ॥

દ્રવ્ય અને પર્યાય પૈકી જેને (ધ્યાનમાં) મુખ્યપદ આપ્યું હોય (ધ્યાનમાં જેની મુખ્યતા રાખી હોય) તેમાં ચિંતાનો નિરોધ (સ્થિર સ્મરણ) તેને શ્રીજિનેશ્વર ભગવંતો ધ્યાન કહે છે. ॥ ૨૬ ॥ ૫૮ ॥

एकाग्रग्रहणं चात्र, वै व्यग्रविनिवृत्तये ।
व्यग्रं ह्य(हि)ज्ञानमेव स्याद्ध्यानमेकाग्रमुच्यते ॥ २७ ॥ ५९ ॥

અહીં (ધ્યાનમાં) એકાગ્રનું (એક જ શ્રેષ્ઠ આલંબનનું) ગ્રહણ કર્યું છે, તે વ્યગ્રતાના (ભિન્ન ભિન્ન વિષયમાં મનની ચંચલતાના) વારણ માટે છે. વ્યગ્રતા અજ્ઞાન (માત્ર જ્ઞાન ?) રૂપ જ છે; એકાગ્રતા તે ધ્યાન કહેવાય છે. ॥ ૨૭ ॥ ૫૯ ॥

प्रत्याहृत्य यदा चिन्तां, नानालम्बनवर्तिनीम् ।
एकालम्बन एवैनां, निरुणद्धि विशुद्धधीः ॥ २८ ॥ ६० ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

तदास्य योगिनो योगश्चिन्तैकाग्रनिरोधनम् ।
प्रसंख्यानं समाधिः स्याद्ध्यानं स्वेष्टफलप्रदम् ॥ २९ ॥ ६१ ॥

જ્યારે નિર્મળ બુદ્ધિવાળો ધ્યાતા વિવિધ આલંબનો (વિષયો)માં ફરતી આ ચિન્તા (સ્મૃતિ)ને પ્રત્યાહરીને (ખેંચીને) એક જ આલંબન (વિષય)માં રોકે છે, ત્યારે આ યોગીનો એક જ વિષયમાં સ્મૃતિના સ્થિરીકરણરૂપ યોગ 'પ્રસંખ્યાન સમાધિ' કહેવાય છે. આવું ધ્યાન પોતાના ઇષ્ટ ફળને આપનારું છે. ॥ २८–२९ ॥ ६०–६१ ॥

अथवाङ्क्ति जानातीत्यग्रमात्मा निरुक्तितः ।
तत्त्वेषु चाग्रगण्यत्वादसावग्रमिति स्मृतः ॥ ३० ॥ ६२ ॥

અથવા 'અગ્ર' પદનો નિર્યુક્તિથી (પદચ્છેદથી) અર્થ 'अङ्क्ति = जानाति इति अग्रं = आत्मा' જે જાણે છે તે અગ્ર એટલે આત્મા થાય છે. અથવા જીવાદિ તત્ત્વોમાં અગ્ર–પ્રથમ સ્થાને ગણાતો હોવાથી આ આત્માને અગ્ર કહેલો છે ॥ ३० ॥ ६२ ॥

द्रव्यार्थिकनयादेकः केवलो वा तथोदितः ।
अन्तःकरणवृत्तिस्तु चिन्ता रोधो नियंत्रणा ॥ ३१ ॥ ६३ ॥

દ્રવ્યાર્થિક (સંગ્રહ)* નયથી આત્માને એક અથવા કેવલ (અદ્વિતીય) કહ્યો છે. ચિંતા તે અન્તઃકરણની વૃત્તિ છે અને રોધ એટલે નિયંત્રણા સમજવી ॥ ३१ ॥ ६३ ॥

अभावो वा निरोधः स्यात् स च चिन्तान्तरव्ययः ।
एकचिन्तात्मको यद्वा, स्वसंविच्चिन्तयोज्झितः ॥ ३२ ॥ ६४ ॥

---

* 'एगे आया' । —श्री स्थानांगसूत्र, स्थान १.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અથવા નિરોધ એટલે અભાવ અને તે (અભાવ) અન્ય વિષયની ચિન્તાના અભાવરૂપ કોઈ એક જ પદાર્થની સ્મૃતિરૂપ સમજવો, અથવા સર્વ ચિન્તાઓ (સ્મૃતિઓ)થી રહિત માત્ર આત્મસંવેદન (આત્માનુભવ)રૂપ સમજવો. ॥ ૩૨ ॥ ૬૪ ॥

तत्रात्मन्यसहाये यच्चिन्तायाः स्यान्निरोधनम् ।
तद्ध्यानं तदभावो वा स्वसंवित्तिमयश्च सः ॥ ३३ ॥ ६५ ॥

તેમાં અસહાય-કેવળ આત્મામાં ચિન્તાનું જે રોકાણ તે ધ્યાન છે અથવા તેવી ચિન્તાનો અભાવ તે ધ્યાન છે. આવો અભાવ સ્વ(આત્મ)સંવેદનામય હોય છે. ॥ ૩૩ ॥ ૬૫ ॥

ધ્યાનની અન્ય વ્યાખ્યાઓ

श्रुतज्ञानमुदासीनं यथार्थमतिनिश्चलम् ।
स्वर्गापवर्गफलदं ध्यानमांतरमुहूर्त्ततः ॥ ३४ ॥ ६६ ॥

રાગ-દ્વેષથી રહિત, યથાર્થ અને અત્યંત નિશ્ચલ એવા શ્રુતજ્ઞાનને ધ્યાન કહેવાય છે, તે અંતર્મુહૂર્તમાં સ્વર્ગ અથવા મોક્ષરૂપ ફળને આપનારું છે. ॥ ૩૪ ॥ ૬૬ ॥

ध्यायते येन तद्ध्यानं यो ध्यायति स एव वा ।
यत्र वा ध्यायते यद्वा ध्यातिर्वा ध्यानमिष्यते ॥ ३५ ॥ ६७ ॥

જેનાવડે અથવા જેમાં ધ્યાન કરાય છે, અથવા જે ધ્યાન કરે છે તેને, અથવા 'ધ્યાતિ'* ને ધ્યાન કહેવાય છે. ॥ ૩૫ ॥ ૬૭ ॥

---

* ધ્યાતિ = ધ્યાનક્રિયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रुतज्ञानेन मनसा यतो ध्यायन्ति योगिनः ।
ततः स्थिरं मनोध्यानं श्रुतज्ञानं च तात्त्विकम् ॥ ३६ ॥ ६८ ॥

યોગીઓ શ્રુતજ્ઞાન સહિત મનવડે ધ્યાન કરતા હોવાથી સ્થિર એવું મન ધ્યાન કહેવાય છે અને તાત્ત્વિક એવું શ્રુતજ્ઞાન પણ ધ્યાન કહેવાય છે. ॥ ૩૬ ॥ ૬૮ ॥

ज्ञानादर्थान्तरादात्मा न स्याज्ज्ञानं न चान्यतः ।
एकं पूर्वापरीभूतं ज्ञानमात्मेति कीर्त्तितम् ॥ ३७ ॥ ६९ ॥
ध्येयार्थालम्बनं ध्यानं ध्यातुर्यस्मान्न भिद्यते ।
द्रव्यार्थिकनयात्तस्माद्ध्यातैव ध्यानमुच्यते ॥ ३८ ॥ ७० ॥

જો જ્ઞાનને અર્થાન્તર–આત્માથી ભિન્ન પદાર્થ માનીએ તો આત્મા ન રહે (આત્મા જ્ઞાનરહિત–જડ બની જાય) અને આત્મા વિના બીજાથી જ્ઞાન ઉત્પન્ન થતું નથી; એવી રીતે આત્મા જ્ઞાનસ્વરૂપ હોવાથી આત્મામાં જ્ઞાન પૂર્વે પણ છે અને પછી પણ છે. તેથી 'જ્ઞાન આત્મા છે'[૧] એમ આગમમાં કહ્યું છે. એવી જ રીતે ('જ્ઞાન આત્મા છે'ની જેમ) ધ્યેય અર્થ છે આલંબન જેમાં એવું ધ્યાન ધ્યાતાથી ભિન્ન ન હોવાથી દ્રવ્યાર્થિક નયથી ધ્યાતા જ ધ્યાન કહેવાય છે. ॥ ૩૭–૩૮ ॥ ૬૯–૭૦ ॥

ध्यातरि ध्यायते ध्येयं यस्मान्निश्चयमाश्रितैः ।
तस्मादिदमपि ध्यानं कर्माधिकरणद्वयम् ॥ ३९ ॥ ७१ ॥

જે કારણે નિશ્ચયનયનો આશ્રય લેનારાઓ વડે 'ધ્યાતામાં ધ્યેયનું ધ્યાન કરાય છે' તેથી કર્મ(કારક) અને અધિકરણ(કારક) બન્ને પણ ધ્યાન* છે ॥ ૩૯ ॥ ૭૧ ॥

---

૧. જે વિણ્ણાણે સે આયા । —શ્રી આચારાંગ સૂત્ર.
* ધ્યાતરિ (અધિકરણ), ધ્યેયં (કર્મ).

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

इष्टे ध्येये स्थिरा बुद्धिर्या स्यात्संतानवर्तिनी ।
ज्ञानान्तराऽपरामृष्टा सा ध्यातिर्ध्यानमीरिता ॥ ४० ॥ ७२ ॥

ઇષ્ટ ધ્યેય (વસ્તુ)માં સ્મૃતિની પરંપરાવાળી અને અન્ય જ્ઞાનને (આલંબનને) નહિ સ્પર્શતી (જ્ઞાનાન્તરવડે અસંબદ્ધ) એવી જે સ્થિર બુદ્ધિ તે ધ્યાતિ છે, તેને ધ્યાન કહ્યું છે॥૪૦॥૭૨॥

एकं च कर्ता करणं कर्माधिकरणं फलम् ।
ध्यानमेवेदमखिलं निरुक्तं निश्चयान्नयात् ॥ ४१ ॥ ७३ ॥

વધુ શું કહીએ ? નિશ્ચય નયથી જે કાંઈ છે તે ધ્યાન જ છે. તે જ કર્તા, કરણ, કર્મ, અધિકરણ અને ફળ છે ॥ ૪૧॥ ૭૩ ॥

स्वात्मानं स्वात्मनि स्वेन, ध्यायेत् स्वस्मै स्वतो यतः ।
षट्कारकमयस्तस्माद्ध्यानमात्मैव निश्चयात् ॥ ४२ ॥ ७४ ॥

નિશ્ચયથી તો આત્મા-પોતાને, પોતામાં, પોતાના બળે, પોતાના માટે, પોતાની મેળે જ ધ્યાન કરે છે તેથી ષટ્કારકમય આત્મા જ ધ્યાન છે. ॥ ૪૨ ॥ ૭૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તૃતીય અધ્યાય

ધ્યાન માટેની સામગ્રી અને પ્રેરણા

सङ्कल्पत्यागः कषायाणां निग्रहो व्रतधारणम् ।
मनोऽक्षाणां जयश्चेति सामग्री ध्यानजन्मने ॥ १ ॥ ७५ ॥

ધ્યાનને ઉત્પન્ન કરવામાં પરિગ્રહનો ત્યાગ, કષાયોનો નિગ્રહ, વ્રતોનો સ્વીકાર (પાલન) અને મન તથા ઇન્દ્રિયોનો જય એ (મુખ્ય) સામગ્રી છે. ॥ ૧ ॥ ૭૫ ॥

इन्द्रियाणां प्रवृत्तौ च निवृत्तौ च मनः प्रभुः ।
मन एव जयेत्तस्माज्जिते तस्मिज्जितेन्द्रियः ॥ २ ॥ ७६ ॥

ઇન્દ્રિયોને (વિષયોમાં) પ્રવર્તાવવામાં અને રોકવામાં મન સમર્થ છે. તેથી મનને જ જીતવું જોઈએ. મનને જીતે છતે ઇન્દ્રિયોનો પણ જય થાય જ છે. ॥ ૨ ॥ ૭૬ ॥

ज्ञान-वैराग्यरज्जूभ्यां नित्यमुत्पथवर्तिनः ।
जितचित्तेन शक्यन्ते धर्तुमिन्द्रियवाजिनः ॥ ३ ॥ ७७ ॥

નિત્ય ઉલટા (સંસારના) માર્ગે દોડતા ઇન્દ્રિયરૂપી ઘોડાઓને મનનો વિજેતા જ્ઞાન અને વૈરાગ્યરૂપ બે રજ્જુઓ (લગામ) વડે રોકવા સમર્થ બની શકે છે. ॥ ૩ ॥ ૭૭ ॥

येनोपायेन शक्येत सन्नियन्तुं चलं मनः ।
स एवोपासनीयोऽत्र न चैव विरमेत्ततः ॥ ४ ॥ ७८ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે ઉપાય દ્વારા ચંચળ ચિત્તને કબજે કરી શકાય તે જ ઉપાય અહીં (ધ્યાનમાં) સતત સેવવો જોઈએ અને તેનાથી અટકવું ન જોઈએ ॥ ૪ ॥ ૭૮ ॥

संचिन्तयन्ननुप्रेक्षाः स्वाध्याये नित्यमुद्यतः ।
जयत्येव मनः साधुरिन्द्रियार्थपराङ्मुखः ॥ ५ ॥ ७९ ॥

ઇન્દ્રિયોના વિષયોથી પરાઙ્મુખ થયેલો (પાછો ફરેલો), સ્વાધ્યાયમાં સદા ઉદ્યમશીલ અને ભાવનાઓને સારી રીતે ચિંતવતો યોગી મનને વશ કરી જ શકે છે. ॥ ૫ ॥ ૭૯ ॥

स्वाध्यायः परमस्तावज्जपः पञ्चनमस्कृतेः ।
पठनं वा जिनेन्द्रोक्तशास्त्रस्यैकाग्रचेतसा ॥ ६ ॥ ८० ॥

એકાગ્ર મનથી પંચપરમેષ્ઠિ નમસ્કાર-મહામંત્રનો જાપ અથવા શ્રી જિનેશ્વરદેવે કહેલાં શાસ્ત્રોનું અધ્યયન એ સર્વોત્કૃષ્ટ સ્વાધ્યાય છે. ॥ ૬ ॥ ૮૦ ॥

स्वाध्यायाद्ध्यानमध्यास्तां ध्यानात्स्वाध्यायमामनेत् ।
ध्यानस्वाध्यायसंपत्त्या परमात्मा प्रकाशते ॥ ७ ॥ ८१ ॥

સ્વાધ્યાયથી ધ્યાનમાં ચઢે અને ધ્યાનથી સ્વાધ્યાયને સવિશેષ ચિંતવે, એમ ધ્યાન અને સ્વાધ્યાયરૂપ સંપત્તિથી પરમાત્મતત્ત્વનો (શુદ્ધાત્મસ્વરૂપનો) પ્રકાશ થાય છે ॥ ૭ ॥ ૮૧ ॥

ધર્મધ્યાન માટે આ કાળ યોગ્ય છે

येऽत्राहुर्न हि कालोऽयं ध्यानस्य ध्यायतामिति ।
तेऽर्हन्मतानभिज्ञत्वं ख्यापयन्त्यात्मनः स्वयम् ॥ ८ ॥ ८२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આ (પંચમ) કાળ ધ્યાનનો (ધ્યાનને યોગ્ય) કાળ નથી, તેથી ધ્યાન ન કરો" એમ જેઓ (આ વિષયમાં) કહે છે, તેઓ જાતે જ પોતાનું શ્રી જિનમત સંબંધી અજાણપણું જાહેર કરે છે. ॥ ૮ ॥ ૮૨ ॥

अत्रेदानीं निषेधन्ति शुक्लध्यानं जिनोत्तमाः ।
धर्मध्यानं पुनः प्राहुः श्रेणीभ्यां प्राग्विवर्तिनाम् ॥ ९ ॥ ८३ ॥

અહીં (ભરતમાં) વર્તમાનમાં (પંચમ કાળે) શ્રીજિનેશ્વરો શુક્લધ્યાનનો નિષેધ કરે છે, કિન્તુ ઉભય શ્રેણીઓના નીચેના ગુણસ્થાનકે રહેલા આત્માઓને ધર્મધ્યાન કરવાનું તો વિધાન કરે જ છે. ॥ ૯ ॥ ૮૩ ॥

यत्पुनर्वज्रकायस्य ध्यानमित्यागमे वचः ।
श्रेण्योर्ध्यानं प्रतीत्योक्तं तन्नाधस्तान्निषेधकम् ॥ १० ॥ ८४ ॥

વળી વજ્રઋષભનારાચ સંઘયણવાળાને ધ્યાન હોય એવું જે આગમમાં કહ્યું છે તે બન્ને શ્રેણીઓના ધ્યાનને ઉદ્દેશીને કહ્યું છે, તેથી તે વચન શ્રેણીની નીચેના ધ્યાનનો નિષેધ કરતું નથી. ॥ ૧૦ ॥ ૮૪ ॥

ध्यातारश्चेन्न सन्त्यद्य श्रुतसागरपारगाः ।
तत्किमल्पश्रुतैरन्यै र्न ध्यातव्यं स्वशक्तितः ॥ ११ ॥ ८५ ॥

શ્રુતસાગરના પારગામી એવા ધ્યાની મહાત્માઓ આજે નથી, તેથી શું અલ્પશ્રુતવાળા અન્ય પુરુષોએ પોતાની શક્તિ-મુજબ ધ્યાન ન ધરવું ? ॥ ૧૧ ॥ ૮૫ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

चरितारो न चेत्सन्ति यथाख्यातस्य सम्प्रति ।
तत्किमन्ये यथाशक्तिमाचरन्तु तपस्विनः ॥ १२ ॥ ८६ ॥

જો આજે યથાખ્યાત ચારિત્રવાળા નથી, તો અન્ય તપસ્વીઓએ યથાશક્તિ ચારિત્ર શા માટે ન પાળવું ? (અહીં સામા પક્ષને પ્રતિબંધિ ઉત્તર છે) ॥ ૧૨ ॥ ૮૬ ॥

सम्यग्गुरुपदेशेन समभ्यस्यन्ननारतम् ।
धारणासौष्ठवाद्ध्यानप्रत्ययानपि पश्यति ॥ १३ ॥ ८७ ॥

અનુભવી ગુરુના ઉપદેશથી નિરંતર સારી રીતે ધ્યાનનો અભ્યાસ કરતો આત્મા ધારણાશક્તિની અતિશાયિતાથી ધ્યાન સંબંધી પ્રત્યયોને (વિશ્વાસમાં વૃદ્ધિ કરનારાં સુસ્વપ્નાદિ ચિહ્નોને) પણ જુએ છે ॥ ૧૩ ॥ ૮૭ ॥

यथाभ्यासेन शास्त्राणि स्थिराणि स्युर्महान्त्यपि ।
तथा ध्यानमपि स्थैर्यं लभतेऽभ्यासवर्तिनाम् ॥ १४ ॥ ८८ ॥

જેમ અભ્યાસના બળે મોટાં પણ શાસ્ત્રો સ્થિર (દૃઢ સ્મૃતિવાળાં) થાય છે, તેમ પુનઃ પુનઃ અભ્યાસ કરનારાઓનું ધ્યાન પણ સ્થિરતાને પામે છે ॥ ૧૪ ॥ ૮૮ ॥

यथोक्तलक्षणो ध्याता ध्यातुमुत्सहते यदा ।
तदैव परिकर्मादौ कृत्वा ध्यायतु धीरधीः ॥ १५ ॥ ८९ ॥

પૂર્વોક્ત લક્ષણવાળો સ્થિતપ્રજ્ઞ ધ્યાતા જ્યારે પણ ધ્યાન માટે ઉત્સાહિત થાય ત્યારે પરિકર્માદિ (સ્વભૂમિકાને ઉચિત શાસ્ત્રોક્ત અનુષ્ઠાન) કરીને ધ્યાન કરે ॥ ૧૫ ॥ ૮૯ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચતુર્થ અધ્યાય

પરાશ્રય ધ્યાન

ધ્યાનનો પ્રદેશ અને ધ્યાતાનું સ્વરૂપ

शून्यागारे गुहायां वा दिवा वा यदि वा निशि ।
स्त्रीपशुक्लीबजीवानां क्षुद्राणामप्यगोचरे ॥ १ ॥ ९० ॥

अन्यत्र वा क्वचिद्देशे, प्रशस्ते प्रासुके समे ।
चेतनाऽचेतनाऽशेषध्यानविघ्नविवर्जिते ॥ २ ॥ ९१ ॥

भूतले वा शिलापट्टे सुखासीनः स्थितोऽथवा ।
सममृज्वायतं गात्रं निःकम्पावयवं दधत् ॥ ३ ॥ ९२ ॥

नासाग्रन्यस्तनिष्पन्दलोचनो मन्दमुच्छ्वसन् ।
द्वात्रिंशद्दोषनिर्मुक्तकायोत्सर्गं व्यवस्थितः ॥ ४ ॥ ९३ ॥

प्रत्याहृत्याक्षलुंटाकांस्तदर्थेभ्यः प्रयत्नतः ।
चिन्तां चाकृष्य सर्वेभ्यो, निरुध्य ध्येयवस्तुनि ॥ ५ ॥ ९४ ॥

निरस्तनिद्रो निर्मीतिर्निरालस्यो निरन्तरम् ।
स्वरूपं पररूपं वा, ध्यायेदन्तर्विशुद्धये ॥ ६ ॥ ९५ ॥

નિર્જન ગૃહ કે ગુફામાં, રાત્રે અથવા દિવસે, સ્ત્રી, પશુ, નપુંસક અને ક્ષુદ્ર જીવો જ્યાં ન હોય ત્યાં અથવા ધ્યાનમાં વિઘ્નભૂત એવા સર્વ સચેતન અને અચેતન નિમિત્તોથી રહિત, સુંદર, નિર્જીવ, સપાટ એવા બીજા કોઈ પ્રદેશમાં, ભૂમિતલ અથવા શીલાપટ્ટ પર, સુખાસને અથવા કાયોત્સર્ગમુદ્રામાં રહેલો, સમ, સરલ, અસંકુચિત અને અવયવોના કંપથી રહિત એવા શરીર-વાળો, નાસિકાના અગ્રભાગ પર સ્થિર છે દૃષ્ટિ જેની એવો, મન્દ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્વાસોચ્છ્વાસવાળો, બત્રીશ દોષથી રહિત, કાયોત્સર્ગમાં રહેલો, નિદ્રારહિત, નિર્ભય અને આળસ વિનાનો ધ્યાતા ઇન્દ્રિયોરૂપી લુંટારાઓને પ્રયત્નપૂર્વક તેમના વિષયોમાંથી પ્રત્યાહરીને-ખેંચીને અને સ્મૃતિને સર્વમાંથી ખેંચીને ધ્યેય વસ્તુમાં સ્થિર કરે અને પછી આત્મવિશુદ્ધિ માટે સ્વરૂપ અથવા પરરૂપનું નિરંતર ધ્યાન કરે. ॥ ૧–૬ ॥ ૯૦–૯૫ ॥

સ્વરુપાલંબન અને પરાલંબન ધ્યાન

निश्चयाद् व्यवहाराच्च ध्यानं द्विविधमागमे ।
स्वरूपालम्बनं पूर्वं परालम्बनमुत्तरम् ॥ ७ ॥ ९६ ॥

આગમમાં નિશ્ચયનયથી અને વ્યવહારનયથી એમ બે પ્રકારનું ધ્યાન કહેલું છે. તેમાં સ્વરૂપનું ધ્યાન કરવું તે પહેલું (નિશ્ચયથી) અને પરરૂપનું ધ્યાન કરવું તે બીજું (વ્યવહારથી) સમજવું. ॥ ૭ ॥ ૯૬ ॥

अभिन्नमाद्यमन्यत्तु भिन्नं तत्तावदुच्यते ।
भिन्ने हि विहिताऽभ्यासोऽभिन्नं ध्यायत्यनाकुलः ॥ ८ ॥ ९७ ॥

તેમાં પહેલું (સ્વરૂપનું) ધ્યાન આત્માથી અભિન્ન[૧] અને બીજું (પરરૂપનું) ધ્યાન ભિન્ન[૨] કહેવાય છે. પ્રથમ ભિન્ન ધ્યાનમાં દૃઢ અભ્યાસી બનેલો પછી નિરાકુળપણે (સુગમતાથી) અભિન્ન ધ્યાનને કરી શકે છે. ॥ ૮ ॥ ૯૭ ॥

आज्ञापायो विपाकं च संस्थानं भुवनस्य च ।
यथागममविक्षिप्तचेतसा चिन्तयेन्मुनिः ॥ ९ ॥ ९८ ॥

---

૧. અભેદ પ્રણિધાન. ૨. ભેદ પ્રણિધાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજ્ઞા, અપાય વિપાક અને લોકના સંસ્થાનને મુનિ આગમને અનુસારે સ્થિરચિત્તથી ચિંતવે. ॥ ૯ ॥ ૯૮ ॥

નામાદિ ચતુર્વિધ ધ્યેય

नाम च स्थापनं द्रव्यं भावश्चेति चतुर्विधम् ।
समस्तं व्यस्तमप्येतद्ध्येयमध्यात्मवेदिभिः ॥ १० ॥ ९९ ॥

નામધ્યેય, સ્થાપનાધ્યેય, દ્રવ્યધ્યેય અને ભાવધ્યેય એમ ધ્યેય ચાર પ્રકારનું છે. અધ્યાત્મના જાણકાર મહાત્માઓએ એનું (ચતુર્વિધધ્યેયનું) ભેગું અથવા પ્રત્યેકનું જુદું જુદું ધ્યાન કરવું જોઈએ. ॥ ૧૦ ॥ ૯૯ ॥

वाच्यस्य वाचकं नाम प्रतिमा स्थापना मता ।
गुणपर्ययवद् द्रव्यं भावः स्याद् गुणपर्ययौ ॥ ११ ॥ १०० ॥

વાચ્ય-અભિધેય પદાર્થના વાચક શબ્દને નામ અને પ્રતિમાને સ્થાપના કહેવાય છે. ગુણ અને પર્યાયવાળું તે દ્રવ્ય છે; અને ગુણ અને પર્યાય તે ભાવ છે. ॥ ૧૧ ॥ ૧૦૦ ॥

નામ ધ્યેય

आदौ मध्येऽवसाने यद्वाङ्मयं व्याप्य तिष्ठति ।
हृदि ज्योतिष्मदुद्गच्छन्नामध्येयं तदर्हताम् ॥ १२ ॥ १०१ ॥

જે (વાઙ્મય–સર્વશાસ્ત્રની) આદિમાં, મધ્યમાં અને અંતમાં એમ સકલ વાઙ્મયને વ્યાપીને રહેલું છે; તે જ્યોતિર્મય અને ઊર્ધ્વગામી એવા શ્રી અરિહંત ભગવંતના નામનું હૃદયમાં ધ્યાન કરવું જોઈએ. (ધ્યેયનામ – 'अरिहंत', 'अर्हं' વગેરે) ॥ ૧૨ ॥ ૧૦૧ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

हृत्पङ्कजे चतुःपत्रे ज्योतिष्मन्ति प्रदक्षिणम् ।
'अ-सि-आ-उ-सा'क्षराणि ध्येयानि परमेष्ठिनाम् ॥ १३ ॥ १०२ ॥

ચાર દલવાળા હૃદયકમળમાં જ્યોતિર્મય એવા 'અ-સિ-આ-ઉ-સા' એ પરમેષ્ઠિઓના આદ્ય અક્ષરોનું પ્રદક્ષિણામાં ધ્યાન કરવું જોઈએ. सि / सा अ आ / उ ॥ १३ ॥ १०२ ॥

ध्यायेद् 'अ-इ-उ-ए-ओ'च तद्वन्मन्त्रानुदर्चिषः ।
मत्यादिज्ञाननामानि मत्यादिज्ञानसिद्धये ॥ १४ ॥ १०३ ॥

તે જ રીતે 'અ-ઇ-ઉ-એ-ઓ' એ ઉજ્જ્વલ મંત્રોનું ધ્યાન કરે, તથા મત્યાદિ જ્ઞાનોની સિદ્ધિ માટે મત્યાદિ જ્ઞાનોના નામોનું ધ્યાન કરે. ॥ ૧૪ ॥ ૧૦૩ ॥

सप्ताक्षरं महामन्त्रं मुखरन्ध्रेषु सप्तसु ।
गुरूपदेशतो ध्यायेदिच्छन् दूरश्रवादिकम् ॥ १५ ॥ १०४ ॥

દૂર-શ્રવણાદિ લબ્ધિઓને ઇચ્છતા સાધકે 'નમો અરિહંતાણં' એ સપ્તાક્ષર મંત્રનું (બે કાનનાં, બે નાકનાં, બે આંખનાં અને એક મુખનું એમ) સાત મુખછિદ્રોમાં શ્રીસદ્‌ગુરુના ઉપદેશથી ધ્યાન કરવું જોઈએ (ચક્ષુ આદિની સીમાથી બહાર રહેલા રૂપાદિનું પ્રત્યક્ષ વગેરે પણ આ મંત્રના ધ્યાનથી થાય છે). ॥ ૧૫ ॥ ૧૦૪ ॥

हृदयेऽष्टदलं पद्मं वर्गैः पूरितमष्टभिः ।
दलेषु कर्णिकायाश्च नाम्नाऽधिष्ठितमर्हताम् ॥ १६ ॥ १०५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

गणभृद्वलयोपेतं त्रिःपरीतं च मायया ।
क्षोणीमण्डलमध्यस्थं ध्यायेदभ्यर्चयेच्च तत् ॥ १७ ॥ १०६ ॥

કર્ણિકામાં શ્રી અરિહંત ભગવંતોના નામ (‘अर्हँ’)થી અધિષ્ઠિત અને આઠ દલોમાં અષ્ટ વર્ગ (અ-ક-ચ-ટ-ત-પ-ય-શ વર્ગ)થી પૂરિત એવા અષ્ટદલ કમલનું હૃદયમાં ધ્યાન કરવું. તે પદ્મ ગણધરવલય (અડતાલીશ લબ્ધિપદો)થી સહિત અને માયા-‘હ્રીँ’ કારથી ત્રણ વખત વેષ્ટિત છે, એમ ચિંતવવું. આ ધ્યાનપૂર્વે એ બધાને ભૂમિમંડલ પર આલેખીને એની પૂજા પણ કરી શકાય. ॥ ૧૬-૧૭ ॥ ૧૦૫-૧૦૬ ॥

अकारादि-हकारान्ताः मन्त्राः परमशक्तयः ।
स्वमण्डलगता ध्येया लोकद्वयफलप्रदाः ॥ १८ ॥ १०७ ॥

‘અ’ થી ‘હ’ સુધીના અક્ષરો ઇહલોક અને પરલોકના ફળને આપનારા પરમશક્તિવાળા મંત્રો છે. તેમનું આધારાદિ સ્વચક્રોમાં ધ્યાન કરવું. ॥ ૧૮ ॥ ૧૦૭ ॥

इत्यादीन्मन्त्रिणो मन्त्रानर्हन्मन्त्रपुरस्सरान् ।
ध्यायन्ति यदिह स्पष्टं नामध्येयमवैहि तत् ॥ १९ ॥ १०८ ॥

‘अर्हँ’ મંત્રથી પુરસ્કૃત એવા પૂર્વોક્ત અને બીજા મંત્રો, જેમનું માંત્રિકો ધ્યાન કરે છે, તે બધાને તમે અહીં **નામધ્યેય** તરીકે સ્પષ્ટ રીતે જાણો. ॥ ૧૯ ॥ ૧૦૮ ॥

સ્થાપના ધ્યેય

जिनेन्द्रप्रतिबिम्बानि कृत्रिमाण्यकृतानि च ।
यथोक्तान्यागमे तानि तथा ध्यायेदशङ्कितम् ॥ २० ॥ १०९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શાશ્વત અને અશાશ્વત એવી જિનપ્રતિમાઓનું આગમમાં જેવી રીતે વર્ણન કર્યું છે, તેવી રીતે શંકા વિના ધ્યાન કરો. ॥ ૨૦ ॥ ૧૦૯ ॥

દ્રવ્ય ધ્યેય

यथैकमेकदा द्रव्यमुत्पित्सु स्थास्नु नश्वरम् ।
तथैव सर्वदा सर्वमिति तत्त्वं विचिन्तयेत् ॥ २१ ॥ ११० ॥

જેમ એક દ્રવ્ય એક જ વખતે ઉત્પાદશીલ, ધ્રુવ અને નશ્વર છે, તેવી જ રીતે સર્વ દ્રવ્યો સર્વદા (ઉત્પાદ-વ્યય ધ્રૌવ્ય-યુકત) છે, એ તત્ત્વને ચિંતવવું ॥ ૨૧ ॥ ૧૧૦ ॥

चेतनोऽचेतनो वार्थो यो यथैव व्यवस्थितः ।
तथैव तस्य यो भावो याथात्म्यं तत्त्वमुच्यते ॥ २२ ॥ १११ ॥

ચેતન કે અચેતન પદાર્થ, જેવી રીતે વ્યવસ્થિત છે, તેનો તે પ્રકારનો જે ભાવ (સ્વરૂપ) તે 'યાથાત્મ્ય' તત્ત્વ કહેવાય છે. ॥ ૨૨ ॥ ૧૧૧ ॥

अनादिनिधने द्रव्ये स्वपर्यायाः प्रतिक्षणम् ।
उन्मज्जन्ति निमज्जन्ति जलकल्लोलवज्जले ॥ २३ ॥ ११२ ॥

જલમાં જલતરંગોની જેમ અનાદિ-અનંત એવા દ્રવ્યમાં પોતાના પર્યાયો પ્રતિક્ષણ ઉત્પન્ન થાય છે અને લય પામે છે. ॥ ૨૩ ॥ ૧૧૨ ॥

यद्विवृत्तं यथापूर्वं यच्च पश्चाद्विवर्त्स्यति ।
विवर्तते यदत्राद्य तदेवेदमिदं च तत् ॥ २४ ॥ ११३ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવી રીતે જે (દ્રવ્ય) પૂર્વે વિવર્ત્યું (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને પામ્યું) હતું, જે (દ્રવ્ય) પછી વિવર્ત (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય)ને પામશે અને જે (દ્રવ્ય) આજે-વર્તમાનમાં વિવર્તે (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યને પામે) છે તે જ આ છે અને આ જ તે છે. તાત્પર્ય કે પ્રત્યેક દ્રવ્ય દ્રવ્યરૂપે સર્વકાળ એકસરખું જ રહે છે ॥ ૨૪॥ ૧૧૩ ॥

सहवृत्ता गुणास्तत्र पर्यायाः क्रमवर्तिनः ।
स्यादेतदात्मकं द्रव्यमेते च स्युस्तदात्मकाः ॥ २५ ॥ ११४ ॥

તેમાં સહભાવી તે ગુણો છે અને ક્રમભાવી તે પર્યાયો છે. દ્રવ્ય ગુણપર્યાયાત્મક છે અને ગુણપર્યાયો દ્રવ્યાત્મક છે. ॥ ૨૫ ॥ ૧૧૪ ॥

एवंविधमिदं वस्तुस्थित्युत्पत्तिव्ययात्मकम् ।
प्रतिक्षणमनाद्यन्तं सर्वं ध्येयं यथास्थितम् ॥ २६ ॥ ११५ ॥

अर्थव्यञ्जनपर्याया मूर्त्ताऽमूर्त्ता गुणाश्च ये ।
यत्र द्रव्ये यथावस्थास्तांश्च तत्र तथा स्मरेत् ॥ २७ ॥ ११६ ॥

એવી જાતની આ વસ્તુ પ્રતિક્ષણ ઉત્પતિ–સ્થિતિ તથા વ્યયાત્મક અને અનાદિ–અનંત છે. સર્વ ધ્યેયનું યથાસ્થિતિરૂપે (જે જેવું હોય, તેનું તે પ્રકારે) ધ્યાન કરવું જોઈએ. ॥ ૨૬ ॥ ૧૧૫ ॥

જે દ્રવ્યમાં અર્થ[1] પર્યાયો, વ્યંજન પર્યાયો અને મૂર્ત્ત કે અમૂર્ત ગુણો જેવી રીતે રહેલા હોય, તેવી રીતે તેમનું સ્મરણ કરવું. ॥ ૨૭ ॥ ૧૧૬ ॥

---

૧ 'ઘટ' શબ્દના પર્યાયવાચી શબ્દો-કલશ, કુંભ વગેરે વ્યંજન (શબ્દ) પર્યાયો કહેવાય છે અને 'ઘટ' પદાર્થના રક્તત્વ, મૃન્મયત્વ વગેરે અર્થપર્યાયો કહેવાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पुरुषः पुद्गलः कालो, धर्माधर्मौ तथाम्बरम् ।
षड्विधं द्रव्यमाम्नातं, तत्र ध्येयतमः पुमान् ॥ २८ ॥ ११७ ॥

આત્મા, પુદ્ગલ, કાલ, ધર્મ, અધર્મ અને આકાશ એ છ પ્રકારનું દ્રવ્ય માનવામાં આવ્યું છે. તેમાં આત્મા તે ધ્યેયતમ (શ્રેષ્ઠ ધ્યેય) છે. ॥ ૨૮ ॥ ૧૧૭ ॥

ભાવ ધ્યેય

सति हि ज्ञातरि ज्ञेयं ध्येयतां प्रतिपद्यते ।
ततो ज्ञानस्वरूपोऽयमात्मा ध्येयतमः स्मृतः ॥ २९ ॥ ११८ ॥

જ્ઞાતા હોય તો જ જ્ઞેય ધ્યેયતાને પામે છે. તેથી જ્ઞાનસ્વરૂપ આ આત્માને ધ્યેયતમ કહ્યો છે. ॥ ૨૯ ॥ ૧૧૮ ॥

तत्राऽपि तत्त्वतः पञ्च ध्यातव्याः परमेष्ठिनः ।
चत्वारः सकलास्तेषु सिद्धः स्वामीति निष्कलः ॥ ३० ॥ ११९ ॥

જીવદ્રવ્યોમાં પણ તત્ત્વથી પાંચ પરમેષ્ઠિઓ ધ્યેય છે. તેમાં અરિહંત-આચાર્યાદિ સકલ-કર્માદિ ઉપાધિસહિત છે અને સિદ્ધ સ્વામી (?) હોવાથી નિષ્કલ-નિરુપાધિ છે. ॥ ૩૦ ॥ ૧૧૯ ॥

શ્રીસિદ્ધાત્માનું સ્વરૂપ

अनन्तदर्शनज्ञानसम्यक्त्वादिगुणात्मकम् ।
स्वोपात्तानन्तरत्यक्तशरीराकारधारिणम् ॥ ३१ ॥ १२० ॥

साकारञ्च निराकारममूर्त्तमजरामरम् ।
जिनबिम्बमिव स्वच्छस्फटिकप्रतिबिम्बितम् ॥ ३२ ॥ १२१ ॥

लोकाग्रशिखरारूढमुदूढसुखसम्पदम् ।
सिद्धात्मानं निराबाधं ध्यायेन्निर्धूतकल्मषम् ॥ ३३ ॥ १२२ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અનંત એવા દર્શન, જ્ઞાન, સમ્યક્ત્વ વગેરે ગુણોવાળા, ચરમભવમાં જે દેહ પોતાને પ્રાપ્ત થયો હતો અને જે પોતે તજી દીધો તેના આકાર (ચરમદેહાકાર)ને ધારણ કરનારા, (એ અપેક્ષાએ) સાકાર, નિરાકાર, અમૂર્ત, જરારહિત, મૃત્યુરહિત, નિર્મલ સ્ફટિક રત્નમાં પ્રતિબિંબિત થયેલ જિનબિંબસદશ, લોકના અગ્રભાગરૂપ શિખર પર આરૂઢ સુખસંપત્તિને વરેલા, પીડારહિત અને નિષ્કર્મ એવા શ્રી સિદ્ધાત્માનું ધ્યાન કરવું. ॥ ૩૧–૩૩ ॥ ૧૨૦–૧૨૨ ॥

શ્રી અરિહંતનું સ્વરૂપ

तथाद्यमाप्तमाप्तानां देवानामधिदैवतम् ।
प्रक्षीणघातिकर्माणं प्राप्तानन्तचतुष्टयम् ॥ ३४ ॥ १२३ ॥

दूरमुत्सृज्य भूभागं नभस्तलमधिष्ठितम् ।
परमौदारिकस्वांगप्रभाभर्त्सितभास्करम् ॥ ३५ ॥ १२४ ॥

चतुस्त्रिंशन्महाश्चर्यैः प्रातिहार्यैश्च भूषितम् ।
मुनि-तिर्यङ्-नर-स्वर्गि-सभाभिः सन्निषेवितम् ॥ ३६ ॥ १२५ ॥

जन्माभिषेकप्रमुखप्राप्तपूजातिशायिनम् ।
केवलज्ञाननिर्णीतविश्वतत्त्वोपदेशिनम् ॥ ३७ ॥ १२६ ॥

प्रभास्वल्लक्षणाकीर्णसम्पूर्णोदग्रविग्रहम् ।
आकाशस्फटिकान्तःस्थज्वलज्ज्वालानलोज्ज्वलम् ॥ ३८ ॥ १२७॥

तेजसामुत्तमं तेजो ज्योतिषां ज्योतिरुत्तमम् ।
परमात्मानमर्हन्तं ध्यायेन्निःश्रेयसाप्तये ॥ ३९ ॥ १२८ ॥

તથા, આપ્તોમાં આદ્ય આપ્ત, દેવોના પણ અધિદૈવત, ઘાતિકર્મરહિત, અનંતચતુષ્ટયને પામેલા, પૃથ્વીતલને દૂર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છોડીને (ઊંચે) આકાશપ્રદેશમાં રહેલા, પોતાના પરમ ઔદારિક શરીરની પ્રભાથી સૂર્ય કરતાં પણ અધિક તેજસ્વી, મહાશ્ચર્યભૂત ચોત્રીશ અતિશયો અને આઠ પ્રાતિહાર્યોથી શોભતા, મુનિવરો, તિર્યંચો, મનુષ્યો અને દેવતાઓની પર્ષદાઓથી ઘેરાયેલા, જન્માભિષેક વગેરેમાં પ્રાપ્ત થયેલ પૂજાના કારણે સૌથી ચઢિયાતા, કેવળ જ્ઞાનવડે નિર્ણીત એવાં વિશ્વના તત્ત્વોના ઉપદેશક, ઉજ્જવલ એવા અનેક લક્ષણોથી વ્યાપ્ત, સર્વાંગ પરિપૂર્ણ અને ઉન્નતદેહવાળા, નિર્મલ (મહાન) સ્ફટિકરત્નમાં પ્રતિબિંબિત પ્રદીપ્ત જ્વાલાઓવાળા અગ્નિ સમાન ઉજ્જવલ, સર્વ તેજોમાં ઉત્તમ તેજ અને સર્વ જ્યોતિઓમાં ઉત્તમ જ્યોતિસ્વરૂપ એવા શ્રી અરિહંત પરમાત્માનું મોક્ષની પ્રાપ્તિ માટે ધ્યાન કરવું. ॥ ૩૪–૩૯ ॥ ૧૨૩–૧૨૮ ॥

वीतरागोऽप्ययं देवो ध्यायमानो मुमुक्षुभिः ।
स्वर्गापवर्गफलदः शक्तिस्तस्य हि तादृशी ॥ ४० ॥ १२९ ॥

મુમુક્ષુઓ વડે ધ્યાન કરાતા એવા આ દેવાધિદેવ વીતરાગ હોવા છતાં સ્વર્ગ કે મોક્ષ ફળને આપનારા છે, કારણ કે તેમની શક્તિ જ તે પ્રકારની અચિંત્ય છે. ॥ ૪૦ ॥ ૧૨૯ ॥

सम्यग्ज्ञानादिसम्पन्नाः प्राप्तसप्तमहर्द्धयः ।
तथोक्तलक्षणा ध्येयाः सूर्युपाध्यायसाधवः ॥ ४१ ॥ १३० ॥

સમ્યગ્જ્ઞાનાદિથી સંપન્ન, સાત મહાઋદ્ધિઓવાળા (?) અને શાસ્ત્રોકત લક્ષણોવાળા આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતોનું ધ્યાન કરવું. ॥ ૪૧ ॥ ૧૩૦ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્વિવિધ ધ્યેય

एवं नामादिभेदेन ध्येयमुक्तं चतुर्विधम् ।
अथवा द्रव्यभावाभ्यां द्विधैव तदवस्थितम् ॥ ४२ ॥ १३१ ॥

એવી રીતે નામાદિ ભેદોથી ચાર પ્રકારનું ધ્યેય કહ્યું. અથવા તે (ધ્યેય) દ્રવ્ય અને ભાવ ભેદે બે પ્રકારનું જ છે. ॥ ૪૨ ॥ ૧૩૧ ॥

દ્રવ્યધ્યેય અને ભાવધ્યેય

द्रव्यध्येयं बहिर्वस्तु चेतनाचेतनात्मकम् ।
भावध्येयं पुनर्ध्येयसन्निभध्यानपर्ययः ॥ ४३ ॥ १३२ ॥

ચેતન કે જડરૂપ બાહ્ય વસ્તુ તે દ્રવ્યધ્યેય છે અને ધ્યેય (અરિહંતાદિ) સદૃશ જે ધ્યાનનો પર્યાય તે ભાવધ્યેય છે ॥ ૪૩ ॥ ૧૩૨ ॥

ध्याने हि बिभ्रति स्थैर्यं ध्येयरूपं परिस्फुटम् ।
आलेखितमिवाभाति ध्येयस्याऽसन्निधावपि ॥ ४४ ॥ १३३ ॥

ધ્યાન જ્યારે સ્થિરતાને ધારણ કરે છે ત્યારે ધ્યેય નજીક ન હોવા છતાં પણ જાણે (સામે) આલેખિત હોય એવું અત્યંત સ્પષ્ટ ભાસે છે. ॥ ૪૪ ॥ ૧૩૩ ॥

धातुपिण्डे स्थितश्चैवं ध्येयोऽर्थो ध्यायते यतः ।
ध्येयं पिण्डस्थमित्याहुरत एव च केवलम् ॥ ४५ ॥ १३४ ॥

એ જ પ્રકારે જ્યારે સપ્ત ધાતુના પિંડમાં—દેહમાં ધ્યેય વસ્તુનું ધ્યાન કરાય છે ત્યારે તે ધ્યેયને (ધ્યાનને) પિંડસ્થ કહેવાય છે, એથી જ કેવલ (કૈવલ્ય, કેવલજ્ઞાન ?) પ્રાપ્ત થાય છે ॥ ૪૫ ॥ ૧૩૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यदा ध्यानबलाद्ध्याता शून्यीकृत्य स्वविग्रहम् ।
ध्येयस्वरूपाविष्टत्वात् तादृक् संपद्यते स्वयम् ॥ ४६ ॥ १३५ ॥

तदा तथाविधध्यानसंवित्तिध्वस्तकल्पनः ।
स एव परमात्मा स्याद् वैनतेयश्च मन्मथः ॥ ४७ ॥ १३६ ॥

જ્યારે ધ્યાતા ધ્યાનના બળે સ્વદેહને (સ્વઆકૃતિને) શૂન્ય કરીને ધ્યેયના સ્વરૂપમાં આવિષ્ટ–પ્રવેશેલ હોવાથી સ્વયં તેના જેવો બની જાય છે, ત્યારે તેવા પ્રકારના ધ્યાનના સંવેદનથી નાશ પામ્યા છે સર્વ વિકલ્પો જેના એવો તે પોતે જ પરમાત્મા, ગરુડ અને કામદેવ બની જાય છે (ગરુડ અને કામદેવ એ શબ્દોના વિશેષાર્થ માટે જુઓ શ્લોક નં. ૨૦૫). ॥ ૪૬–૪૭ ॥ ૧૩૫–૩૬ ॥

सोयं समरसीभावस्तदेकीकरणं स्मृतम् ।
एतदेव समाधिः स्याल्लोकद्वयफलप्रदः ॥ ४८ ॥ १३७ ॥

(આવી રીતે પરમાત્મા સાથેનો ધ્યાતાનો અભેદ) તે આ 'સમરસીભાવ' છે. તે જ 'એકીકરણ' કહેવાયું છે. એ જ ઉભયલોકનાં ફળોને આપનારી 'સમાધિ' છે. ॥ ૪૮ ॥ ૧૩૭ ॥

किमत्र बहुनोक्तेन ज्ञात्वा श्रद्धाय तत्त्वतः ।
ध्येयं समस्तमप्येतन्माध्यस्थ्यं तत्र बिभ्रता ॥ ४९ ॥ १३८ ॥

અહીં બહુ કહેવાથી શું ? તાત્ત્વિક રીતે જાણીને, તેવી જ રીતે તેના પર શ્રદ્ધા કરીને અને એ વિષયમાં માધ્યસ્થ્ય ધારણ કરીને આ બધું ધ્યાન કરવું જોઈએ. ॥ ૪૯ ॥ ૧૩૮ ॥

माध्यस्थ्यं समतोपेक्षा वैराग्यं साम्यमस्पृहा ।
वैतृष्ण्यं परमा शान्तिरित्येकोऽर्थोऽभिधीयते ॥ ५० ॥ १३९ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માધ્યસ્થ્ય, સમતા, ઉપેક્ષા, વૈરાગ્ય, સામ્ય, નિસ્પૃહતા, વૈતૃષ્ણ્ય, પરમ-શાન્તિ—એ બધા શબ્દો વડે એક જ અર્થ કહેવાય છે. ॥ ૫૦ ॥ ૧૩૯ ॥

संक्षेपेण यदत्रोक्तं विस्तारात् परमागमे ।
तत्सर्वं ध्यानमेव स्याद्ध्यातेषु परमेष्ठिषु ॥ ५१ ॥ १४० ॥

પંચપરમેષ્ઠિઓનું ધ્યાન થતાં જ, અહીં (પૂર્વે) જે સંક્ષેપમાં કહ્યું છે અને પરમ આગમોમાં જે વિસ્તારથી કહેવામાં આવ્યું છે, તે બધું ધ્યાન થઈ જ જાય છે (અર્થાત્ પરમેષ્ઠિધ્યાનમાં બીજું બધું સદ્ધ્યાન આવી જ જાય છે.) ॥ ૫૧ ॥ ૧૪૦ ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંચમ અધ્યાય

સ્વાત્માલંબન ધ્યાન

व्यवहारनयादेवं ध्यानमुक्तं पराश्रयम् ।
निश्चयादधुना स्वात्मालम्बनं तन्निरूप्यते ॥ १ ॥ १४१ ॥

એવી રીતે વ્યવહારનયથી પરાલંબન ધ્યાન કહ્યું, હવે નિશ્ચયથી સ્વાત્માલંબન ધ્યાન કહેવાય છે. ॥ ૧ ॥ ૧૪૧ ॥

ब्रुवता ध्यानशब्दार्थं यद्रहस्यमवादिषम् ।
तथापि स्पष्टमाख्यातुं पुनरप्यभिधीयते ॥ २ ॥ १४२ ॥

ધ્યાન શબ્દના અર્થને કહેતાં સ્વાવલંબન ધ્યાનનું સુંદર રહસ્ય કહેવાયું હતું; તથાપિ વધુ સ્પષ્ટ રીતે કહેવા માટે ફરીથી પણ કહેવાય છે. ॥ ૨ ॥ ૧૪૨ ॥

दिध्यासुः स्वं परं ज्ञात्वा श्रद्धाय च यथास्थितम् ।
विहायान्यदनर्थित्वात् स्वमेवावैतु पश्यतु ॥ ३ ॥ १४३ ॥

ધ્યાન કરવાની ઇચ્છાવાળો પુરુષ, 'સ્વાત્મા સર્વશ્રેષ્ઠ છે' એમ જાણીને, તેમાં યથાસ્થિત રીતે શ્રદ્ધા કરીને અને (આત્મ ભિન્ન) બીજું બધું અનુપયોગી હોવાથી (તેનો) ત્યાગ કરીને સ્વાત્માને જ સમ્યગ્ જાણે અને જુએ ॥ ૩ ॥ ૧૪૩ ॥

पूर्वं श्रुतेन संस्कारं स्वात्मन्यारोपयेत्ततः ।
तत्रैकाग्र्यं समासाद्य न किञ्चिदपि चिन्तयेत् ॥ ४ ॥ १४४ ॥

પ્રથમ પોતાના આત્મામાં શ્રુત વડે સંસ્કારનું આરોપણ કરે (શ્રુતમાં વર્ણવેલ આત્મસ્વરૂપની પુનઃ પુનઃ ભાવના કરે), પછી તેમાં એકાગ્રતાને મેળવીને કંઈ પણ ચિંતવે નહીં. ॥ ૪ ॥ ૧૪૪ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

यस्तु नालम्बते श्रौतीं भावनां कल्पनाभयात् ।
सोऽवश्यं मुह्यति स्वस्मिन् बहिश्चिन्तां बिभर्ति च ॥५॥१४५॥

જે શ્રુતોક્ત ભાવનાનો કાલ્પનિક ભયથી આલંબન લેતો નથી તે આત્માના વિષયમાં અવશ્ય મોહ પામે છે અને બાહ્ય ચિંતાને ધારણ કરે છે. (પરવસ્તુના અશુભ ધ્યાનમાં પડી જાય છે.) ॥ ૫ ॥ ૧૪૫ ॥

तस्मान्मोहप्रहाणाय बहिश्चिन्तानिवृत्तये ।
स्वात्मानं भावयेत् पूर्वमैकाग्र्यस्य च सिद्धये ॥ ६ ॥ १४६ ॥

તેથી મોહના નાશ માટે, બાહ્ય ચિંતાની નિવૃત્તિ માટે અને એકાગ્રતાની સિદ્ધિ માટે સ્વાત્માને ભાવે ॥ ૬ ॥ ૧૪૬ ॥

શ્રુત ભાવના

तथा हि चेतनोऽसंख्यप्रदेशो मूर्तिवर्जितः ।
शुद्धात्मा सिद्धरूपोऽस्मि ज्ञानदर्शनलक्षणः ॥ ७ ॥ १४७ ॥

नान्योऽस्मि नाहमस्त्यन्यो नान्यस्याहं न मे परः ।
अन्यस्त्वन्योऽहमेवाहमन्योऽन्यस्याऽहमेव मे ॥ ८ ॥ १४८ ॥

अन्यच्छरीरमन्योहं चिदहं तदचेतनम् ।
अनेकमेतदेकोऽहं क्षयीदमहमक्षयः ॥ ९ ॥ १४९ ॥

अचेतनं भवेन्नाहं नाहमप्यस्त्यचेतनम् ।
ज्ञानात्माहं न मे कश्चिन्नाहमन्यस्य कस्यचित् ॥ १० ॥ १५० ॥

योऽत्र स्वस्वामिसम्बन्धो ममाभूद्वपुषा सह ।
यश्चैकत्वभ्रमस्सोऽपि परस्मान्न स्वरूपतः ॥ ११ ॥ १५१ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जीवादिद्रव्ययाथात्म्यज्ञानात्मकमिहात्मना ।
पश्यन्नात्मन्यथात्मानमुदासीनोऽस्मि वस्तुषु ॥ १२ ॥ १५२ ॥

सद्-द्रव्यमस्मि चिदहं ज्ञाता द्रष्टा सदाप्युदासीनः ।
स्वोपात्तदेहमात्रस्ततः पृथग्गगनवदमूर्त्तः ॥ १३ ॥ १५३ ॥

सन्नेवाहं सदाप्यस्मि स्वरूपादिचतुष्टयात् ।
असन्नेवास्मि चात्यन्तं पररूपाद्यपेक्षया ॥ १४ ॥ १५४ ॥

यन्न चेतयते किञ्चिन्नाचेतयत किञ्चन ।
यच्चेतयिष्यते नैव तच्छरीरादि नास्म्यहम् ॥ १५ ॥ १५५ ॥

यदचेतत्तथा पूर्वं चेतयिष्यति यदन्यथा ।
चेततीत्थं यदत्राद्य तच्चिद्द्रव्यं समस्म्यहम् ॥ १६ ॥ १५६ ॥

स्वयमिष्टं न च द्विष्टं किन्तूपेक्ष्यमिदं जगत् ।
नाहमेष्टा न च द्वेष्टा किन्तु स्वयमुपेक्षिता ॥ १७ ॥ १५७ ॥

मत्तः कायादयो भिन्नास्तेभ्योऽहमपि तत्त्वतः ।
नाहमेषां किमप्यस्मि ममाप्येते न किञ्चन ॥ १८ ॥ १५८ ॥

एवं सम्यग्विनिश्चित्य स्वात्मनं भिन्नमन्यतः ।
विधाय तन्मयं भावं न किञ्चिदपि चिन्तयेत् ॥ १९ ॥ १५९ ॥

" હું ચેતન, અસંખ્યપ્રદેશી, અમૂર્ત, શુદ્ધાત્મા, જ્ઞાનદર્શન સ્વરૂપ અને સિદ્ધરૂપ છું.

" હું અન્ય (પર, બીજો, ભિન્નરૂપ, અસિદ્ધરૂપ, અનાત્મરૂપ વગેરે) નથી, અન્ય તે હું નથી, હું અન્યનો નથી, અન્ય મારો નથી, અન્ય તો અન્ય છે, હું હું જ છું, અન્ય અન્યનો છે, હું જ મારો છું.

" શરીર જુદું છે, હું જુદો છું; હું ચેતન છું, તે અચેતન છે; એ અનેક છે, હું એક છું; એ વિનશ્વર છે, હું અવિનાશી છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"હું અચેતન થતો નથી, હું અચેતન પણ નથી, હું જ્ઞાનસ્વરૂપ છું, મારું કોઈ પણ નથી, હું પણ કોઈનો નથી.

"અહીં પૂર્વે મને શરીરની સાથે જે સ્વસ્વામિસંબંધ (શરીર એ મારું સ્વ, અને હું એનો સ્વામી એવો સંબંધ) હતો અને જે (તેની સાથેના મારા) એકત્વનો ('શરીર તે હું છું' એવો) ભ્રમ હતો, તે પણ પર (કર્મ)ના કારણે હતો; સ્વરૂપથી નહીં.

"હવે અહીં જીવાદિ દ્રવ્યોના યથાર્થ જ્ઞાનરૂપ આત્માને આત્માવડે આત્મામાં જોતો હું પર વસ્તુઓને વિષે ઉદાસીન છું.

"હું સત્ દ્રવ્ય છું, હું ચેતન છું, જ્ઞાતા છું, દ્રષ્ટા છું, સદા પણ ઉદાસીન છું, પોતે ઉપાર્જેલા દેહના આકારવાળો છું, તેથી (દેહથી) ભિન્ન છું અને આકાશની જેમ અમૂર્ત છું.

"સ્વરૂપાદિ (સ્વ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) ચતુષ્ટયથી હું સર્વદા પણ 'સત્' જ છું અને પરરૂપ (પર દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ) આદિની અપેક્ષાએ હું અત્યંત (સર્વથા) 'અસત્' છું.

"જે કંઈ પણ જાણતું નથી, પૂર્વે કંઈ પણ જાણતું ન હતું અને કંઈ પણ જાણશે જ નહીં, તે શરીરાદિ (રૂપ) હું નથી.

"પૂર્વે જે તથાપ્રકારે જાણતું હતું, ભવિષ્યમાં જે બીજી રીતે જાણશે અને આજે અહીં આ પ્રકારે જાણે છે, તે ચેતન દ્રવ્ય હું જ છું.

"આ જગત્ સ્વયં ઇષ્ટ અને દ્વેષ્ય નથી કિન્તુ ઉપેક્ષ્ય છે. હું સ્વયં રાગી અને દ્વેષી નથી કિન્તુ ઉપેક્ષિતા (મધ્યસ્થ) છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"નિશ્ચયથી મારાથી શરીરો ભિન્ન છે અને હું પણ તેમનાથી ભિન્ન છું, હું એમનો કંઈ પણ નથી અને મારા પણ એઓ કંઈ પણ નથી."

એ રીતે 'સ્વાત્મા અન્યથી ભિન્ન છે' એમ સારી રીતે નિશ્ચય કરીને અને સ્વરૂપમય ભાવ કરીને કાંઈ પણ ચિંતવવું નહીં. ॥ ૭–૧૯ ॥ ૧૪૭–૧૫૯ ॥

चिन्ताभावो न जैनानां तुच्छो मिथ्यादृशामिव ।
दृग्बोधसाम्यरूपस्य यत्स्वसंवेदनं हि सः ॥ २० ॥ १६० ॥

જૈનો ઇતરોની જેમ ચિંતાભાવને (પર વસ્તુની સ્મૃતિના અભાવને) તુચ્છ (અત્યંત અસત્, સર્વથા અભાવરૂપ) માનતા નથી; કારણ કે તે અભાવ દર્શન-જ્ઞાન-ચારિત્રમય આત્માનું જે સ્વસંવેદન તદાત્મક છે. * ॥ ૨૦ ॥ ૧૬૦ ॥

સ્વસંવેદન

वेद्यत्वं वेदकत्वं च यत्स्वस्य स्वेन योगिनः ।
तत्स्वसंवेदनं प्राहुरात्मनोनुभवं दृशम् ॥ २१ ॥ १६१ ॥

---

* બૌદ્ધો વસ્તુના અભાવને 'આકાશકુસુમ' જેવો અત્યંત અસત્ માને છે; પરંતુ જૈનો અભાવને કથંચિત્ અસત્-એટલે અપેક્ષાએ ભાવ (સત્) રૂપ પણ માને છે.

જેમકે ઘડો ફૂટી જાય ત્યારે ઘડાનો જે અભાવ થાય છે, તે પણ ઠીકરાના સદ્‌ભાવરૂપ છે. એવી જ રીતે પરપદાર્થોની સ્મૃતિનો અભાવ તે સર્વથા અભાવ–તુચ્છરૂપ નથી કિન્તુ જ્ઞાન-દર્શન-ચારિત્રાત્મક આત્માના તે સ્વસંવેદનરૂપ છે. સ્વાનુભવ તે જ ચિંતાભાવ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યોગીને આત્માવડે આત્માનું જે વેદ્યત્વ અને વેદકત્વ થાય છે તેને યોગીશ્વરોએ સ્વસંવેદન, આત્માનુભવ અથવા આત્મદર્શન કહ્યું છે. ॥ ૨૧ ॥ ૧૬૧ ॥

स्वपरज्ञप्तिरूपत्वान्न तस्य कारणान्तरम् ।
ततश्चिन्तां परित्यज्य स्वसंवित्त्यैव वेद्यताम् ॥ २२ ॥ १६२ ॥

તે સ્વપરજ્ઞપ્તિ (પ્રકાશ) રૂપ હોવાથી તેનું બીજું કોઈ કારણ નથી (કેવળ આત્મા જ કારણ છે); તેથી ચિંતાને છોડીને સ્વસંવેદનથી જ અનુભવવું જોઈએ. ॥ ૨૨ ॥ ૧૬૨ ॥

दृग्बोधसाम्यरूपत्वाज्जानन् पश्यन्नुदासिता ।
चित्सामान्यविशेषात्मा स्वात्मनैवानुभूयताम् ॥ २३ ॥ १६३ ॥

આત્મા દર્શન, જ્ઞાન, અને સમતા (ચારિત્ર) રૂપ હોવાથી જુએ છે, જાણે છે અને મધ્યસ્થ રહે છે. તે સામાન્ય (દર્શન) અને વિશેષ (જ્ઞાન) ઉપયોગ સ્વરૂપ છે. તેને સ્વાત્મા વડે જ અનુભવો. ॥ ૨૩ ॥ ૧૬૩ ॥

कर्मजेभ्यः समस्तेभ्यो भावेभ्यो भिन्नमन्वहम् ।
ज्ञस्वभावमुदासीनं पश्येदात्मानमात्मना ॥ २४ ॥ १६४ ॥

"હું કર્મજન્ય સમસ્ત ભાવોથી ભિન્ન, જ્ઞાનસ્વભાવ અને ઉદાસીન છું," એમ આત્માને આત્માવડે જુએ. ॥ ૨૪ ॥ ૧૬૪ ॥

यन्मिथ्याभिनिवेशेन मिथ्याज्ञानेन चोज्झितम् ।
तन्मध्यस्थं निजं रूपं स्वस्मिन् संवेद्यतां स्वयम् ॥ २५ ॥ १६५ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મિથ્યાભિનિવેશ અને મિથ્યાજ્ઞાનથી રહિત એવું માધ્યસ્થ્ય (જ) આત્માનું સ્વરૂપ છે. તેને આત્માએ આત્મામાં અનુભવવું જોઈએ. ॥ ૨૫ ॥ ૧૬૫ ॥

न हीन्द्रियधिया दृश्यं रूपादिरहितत्वतः ।
वितर्कास्तन्न पश्यन्ति ते ह्यविस्पष्टतर्कणः ॥ २६ ॥ १६६ ॥

તે આત્મસ્વરૂપ ઇન્દ્રિયજન્ય જ્ઞાનથી જ્ઞેય નથી, કારણ કે તે રૂપાદિથી રહિત છે. તેને વિતર્કો (તર્કાત્મક મનોવૃત્તિઓ) પણ જોઈ શકતા નથી, કારણ તેઓ પોતે જ અસ્પષ્ટ તર્કરૂપ છે. ॥ ૨૬ ॥ ૧૬૬ ॥

उभयस्मिन्निरुद्धे तु स्याद्विस्पष्टमतीन्द्रियम् ।
स्वसंवेद्यं हि तद्रूपं स्वसंवित्त्यैव दृश्यताम् ॥ २७ ॥ १६७ ॥

ઇન્દ્રિયજન્યજ્ઞાન (ઇન્દ્રિયો) અને વિતર્કો (મન) બન્નેનો નિરોધ થાય તો જ અત્યંત સ્પષ્ટ અને અતીન્દ્રિય એવું તે (આત્મસ્વરૂપ) દેખાય. તે કેવળ સ્વસંવેદ્ય છે. તેથી સ્વસંવેદન વડે જ તેને અનુભવો. ॥ ૨૭ ॥ ૧૬૭ ॥

वपुषोऽप्रतिभासेऽपि स्वातन्त्र्येण चकासते ।
चेतनाज्ञानरूपोऽयं स्वयं दृश्यते एव हि ॥ २८ ॥ १६८ ॥

શરીરનું ભાન ન હોય તો પણ તે ચૈતન્ય સ્વયં સ્વતંત્ર પ્રકાશે છે, કારણ કે તે જ્ઞાનરૂપ હોવાથી સ્વયં દેખાય છે જ. ॥ ૨૮ ॥ ૧૬૮ ॥

समाधिस्थेन यद्यात्मा बोधात्मा नानुभूयते ।
तदा (हि) न तस्य तद्ध्यानं मूर्च्छावान् मोह एव सः ॥२९॥१६९॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમાધિસ્થ પુરુષ વડે જો જ્ઞાનસ્વરૂપ આત્મા ન અનુભવાય તો તે તેનું ધ્યાન જ નથી કિન્તુ મૂર્છાથી યુક્ત એવો મોહ જ છે. ॥ ૨૯ ॥ ૧૬૯ ॥

સ્વસંવેદનનું ફળ

तदेवानुभवश्चायमैकाग्र्यं परमृच्छति ।
तथात्माधीनमानन्दमेति वाचामगोचरम् ॥ ३० ॥ १७० ॥

તે આત્મસ્વરૂપનો જ અનુભવ કરતો આ આત્મા પરમ એકાગ્રતાને પામે છે, તથા વચનાતીત અને સ્વાધીન પરમાનંદને પામે છે. ॥ ૩૦ ॥ ૧૭૦ ॥

यथा निर्वातदेशस्थः प्रदीपो न प्रकम्पते ।
तथा स्वरूपनिष्ठोऽयं योगी नैकाग्र्यमुज्झति ॥ ३१ ॥ १७१ ॥

જેમ નિર્વાત પ્રદેશમાં રહેલો દીવો કંપતો નથી તેમ સ્વરૂપમાં નિષ્ઠ એવો આ યોગી એકાગ્રતાનો ત્યાગ કરતો નથી. ॥ ૩૧ ॥ ૧૭૧ ॥

तदा च परमैकाग्र्याद्बहिरर्थेषु सत्स्वपि ।
अन्यन्न किञ्चनाभाति स्वमेवात्मनि पश्यतः ॥ ३२ ॥ १७२ ॥

તે વખતે પરમ એકાગ્રતાથી આત્માને જ આત્મામાં જોતા એવા તેને (યોગીને) બાહ્ય અર્થો વિદ્યમાન હોવા છતાં કાંઈ પણ ભાસતું નથી (કિન્તુ કેવળ આત્મા જ ભાસે છે.) ॥ ૩૨ ॥ ૧૭૨ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નૈરાત્મ્યવાદ અને અદ્વૈતવાદનો સમન્વય

अत एवान्यशून्योऽपि नात्मा शून्यः स्वरूपतः ।
शून्याशून्यस्वभावोऽयमात्मनैवोपलभ्यते ॥ ३३ ॥ १७३ ॥

એથી જ આત્મા આત્મભિન્ન વસ્તુઓની અપેક્ષાએ શૂન્ય હોવા છતાં પણ સ્વરૂપથી શૂન્ય નથી. એ તો (અનેકાન્તદૃષ્ટિએ) શૂન્યાશૂન્ય (કથંચિત્ શૂન્ય અને કથંચિત્ અશૂન્ય) સ્વભાવવાળો છે. એ (સ્વભાવ) આત્મા વડે જ અનુભવાય છે. ॥ ૩૩ ॥ ૧૭૩ ॥

ततश्च यज्जगुर्मुक्त्यै नैरात्म्याद्वैतदर्शनम् ।
तदेतदेव यत्सम्यगन्यापोढात्मदर्शनम् ॥ ३४ ॥ १७४ ॥

તેથી મુક્તિ માટે બૌદ્ધોએ જે નૈરાત્મ્યદર્શન કહ્યું છે અને વેદાંતીઓએ અદ્વૈતદર્શન કહ્યું છે તે આ 'સમ્યગન્યાપોઢાત્મદર્શન' જ છે.* [નૈરાત્મ્યદર્શન એટલે 'सर्वं शून्यं, सर्वं शून्यं" એવું શૂન્યવાદી બૌદ્ધોનું દર્શન. તેમના મતે આત્મા નિરાત્મા આત્મસ્વભાવરહિત અથવા શૂન્ય (સ્વરૂપથી પણ અસત્) છે. તેનો સમન્વય કરતાં જૈન દર્શન કહે છે કે—આત્મા શૂન્ય (અસત્) અવશ્ય છે પણ તે અન્યાપોહ-પરરૂપથી. સારાંશ એ છે કે અન્ય પદાર્થોના આભાસ રહિત એવું જે કેવળ આત્માનું જ દર્શન તે જ તાત્ત્વિક નૈરાત્મ્યદર્શન અથવા અદ્વૈત દર્શન છે.]
॥ ૩૪ ॥ ૧૭૪ ॥

परस्परपरावृत्ताः सर्वे भावाः कथञ्चन ।
नैरात्म्यं जगतो यद्वन्नैर्जगत्यं तथात्मनः ॥ ३५ ॥ १७५ ॥

---

* અન્યના આભાસથી રહિત એવું સમ્યક્ સ્વાત્મદર્શન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સર્વ ભાવો (પદાર્થો) કોઈકિ અપેક્ષાએ પરસ્પર પરાવૃત્ત (વ્યાવૃત્ત, ભિન્ન) છે. એ અપેક્ષાએ જેમ જગતનું નૈરાત્મ્ય-આત્મભિન્નત્વ છે તેમ આત્માનું પણ નૈર્જગત્ય-જગદ્ભિન્નત્વ છે. [અર્થાત્ જગતના (આત્મભિન્ન) સર્વ પદાર્થો જે આત્માથી ભિન્ન છે, તો આત્મા પણ જગતથી ભિન્ન છે. આ તો બૌદ્ધ-દર્શનનો સમન્વય થયો. એ જ રીતે વેદાંતનો સમન્વય પણ કરી શકાય. જગત આત્માથી કથંચિદ્ અભિન્ન પણ છે અને આત્મા પણ કથંચિદ્ જગતથી અભિન્ન પણ છે. જેમ બૌદ્ધોએ આત્માને શૂન્ય (સ્વરૂપથી અસત્) માનીને ભૂલ કરી છે તેમ વેદાંતીઓએ આત્માને અદ્વિતીય (પરરૂપથી પણ સત્) માનીને ભૂલ કરી છે. આત્માને જગતરૂપે સર્વથા સત્ માનવા જતાં આત્મા અને જગત એક જ સત્ બની જાય છે. સંગ્રહનયથી આ બરોબર છે, કિન્તુ ઇતર નયોને તે ઇષ્ટ નથી. એવી જ રીતે ઋજુસૂત્રનયથી બૌદ્ધમતનો પણ સમન્વય થઈ જાય છે.] ॥ ૩૫ ॥ ૧૭૫ ॥

अन्यात्माभावो नैरात्म्यं स्वात्मसत्तात्मकश्च सः ।
स्वात्मदर्शनमेवातः सम्यग्नैरात्म्यदर्शनम् ॥ ३६ ॥ १७६ ॥

(આત્મભિન્ન) અન્ય વસ્તુઓનો અભાવ તે નૈરાત્મ્ય છે. તે સ્વાત્મસત્તારૂપ છે. તેથી કેવળ આત્માનું દર્શન તે જ તાત્ત્વિક નૈરાત્મ્યદર્શન છે. ॥ ૩૬ ॥ ૧૭૬ ॥

आत्मानमन्यसंपृक्तं पश्यन् द्वैतं प्रपश्यति ।
पश्यन् विभक्तमन्येभ्यः पश्यत्यात्मानमद्वयम् ॥ ३७ ॥ १७७ ॥

આત્માને પરથી સંપૃક્ત-સંબદ્ધ જોનાર દ્વૈતને જુએ છે, જ્યારે આત્માને પરથી વિભક્ત-અસંબદ્ધ જોનાર અદ્વૈતને જુએ છે. ॥ ૩૭ ॥ ૧૭૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

पश्यन्नात्मानमैकाग्र्यात् क्षपयत्यर्जितान्मलान् ।
निरस्ताहं ममीभावः संवृणोत्यप्यनागतान् ॥ ३८ ॥ १७८ ॥

એ રીતે પરમ એકાગ્રતાથી આત્માને જોતો યોગી પૂર્વસંચિત કર્મોની ક્ષપણા (ક્ષય) કરે છે તથા અહંકાર અને મમકારથી રહિત એવો તે નવા આવતા કર્મોનો સંવર કરે છે. ॥ ૩૮ ॥ ૧૭૮ ॥

यथा यथा समाध्याता लप्स्यते स्वात्मनि स्थितिम् ।
समाधिप्रत्ययाश्चास्य स्फुटिष्यन्ति तथा तथा ॥ ३९ ॥ १७९ ॥

જેમ જેમ સારી રીતે અત્યંત એકાગ્રતાથી ધ્યાન કરનાર ધ્યાતા આત્મામાં અધિક અધિક સ્થિર થતો જશે, તેમ તેમ તેને સમાધિ અને સમાધિવિષયક અનુભવો વધુ વધુ સ્પષ્ટ થતા જશે. ॥ ૩૯ ॥ ૧૭૯ ॥

एतद्द्वयोरपि ध्येयं ध्यानयोर्धर्म्य-शुक्लयोः ।
विशुद्धिस्वामिभेदात्तु तयोर्भेदोऽवधार्यताम् ॥ ४० ॥ १८० ॥

આ સ્વસંવેદન ધર્મધ્યાન અને શુક્લધ્યાન બન્નેનું ધ્યેય છે, પણ વિશુદ્ધિ અને સ્વામી (ધ્યાતા) ના ભેદથી તે બે ધ્યાનોમાં ભેદ સમજવો ॥ ૪૦ ॥ ૧૮૦ ॥

इदं हि दुःशकं ध्यातुं सूक्ष्मज्ञानावलंबनात् ।
बोध्यमानमपि प्राज्ञैर्न च द्रागवलक्ष्यते ॥ ४१ ॥ १८१ ॥

આ સ્વાત્મધ્યાન અત્યંત દુઃશક્ય છે, કારણ કે એમાં સૂક્ષ્મજ્ઞાનનું અવલંબન લેવું પડે છે. આ ધ્યાન મહાન બુદ્ધિમાન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પુરુષો વડે સમજાવવામાં આવે તો પણ શીઘ્રતઃ સંપૂર્ણપણે લક્ષમાં આવતું નથી. ॥ ૪૦ ॥ ૧૮૧ ॥ *

तस्माल्लक्ष्यं च शक्यं च दृष्टादृष्टफलं च यत् ।
स्थूलं वितर्कमालम्ब्य तदभ्यस्यंतु धीधनाः ॥ ४१ ॥ १८२ ॥

તેથી જે લક્ષ્ય હોય, જે કરવું શકય હોય અને જેનું ફળ પ્રત્યક્ષ અને અનુમાનથી જાણી શકાય એવું હોય, એવું ધ્યાન બુદ્ધિમાન પુરુષોએ સ્થૂલ વિતર્કને અવલંબીને કરવું જોઈએ ॥ ૪૧ ॥ ૧૮૨ ॥

* બુદ્ધિમાન પુરુષો એને જાણે છતાં તેઓ વડે પણ તેનું લક્ષ-ધ્યાન તરત કરી શકાતું નથી, એમ પણ અર્થ થઈ શકે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ષષ્ઠ અધ્યાય

'અર્હં' નું અભેદ પ્રણિધાન અને ધ્યાનનાં ફળો

'अ'कारं मरुतापूर्यं कुंभित्वा 'रेफ'वह्निना ।
दग्ध्वा स्ववपुषा कर्म स्वतो भस्म विरेच्य च ॥ १ ॥ १८३ ॥

'ह'मन्त्रो न(म)भसि ध्येयः क्षरन्नमृतमात्मनि ।
तेनाऽन्यत्तद्विनिर्माय पीयूषमयमुज्ज्वलम् ॥ २ ॥ १८४ ॥

तत्रादौ पिण्डसिद्ध्यर्थं निर्मलीकरणाय च ।
मारुतीं तैजसीमाप्यां विदध्याद्धारणां क्रमात् ॥ ३ ॥ १८५ ॥

ततः पञ्चनमस्कारैः पञ्चपिण्डाक्षरान्वितैः ।
पञ्चस्थानेषु विन्यस्तैर्विधाय सकलीक्रियाम् ॥ ४ ॥ १८६ ॥

पश्चादात्मानमर्हन्तं ध्यायेन्निर्दिष्टलक्षणम् ।
सिद्धं वा ध्वस्तकर्माणममूर्त्तं ज्ञानभास्वरम् ॥ ५ ॥ १८७ ॥

(પૂરકના) વાયુવડે 'અ'કારને પૂરિત કરીને અને (કુંભક વડે) કુંભિત કરીને રેફમાંથી નીકળતા અગ્નિ વડે પોતાના શરીરની સાથે (શરીર અને) કર્મોને બાળવાં. પછી શરીર અને કર્મોના દહનથી થયેલ ભસ્મનું પોતામાંથી વિરેચન કરવું (તે ભસ્મને પોતામાંથી દૂર કરવી). પછી જે આત્મા ઉપર અમૃત ઝરાવી રહ્યું છે, એવા 'હ'કાર મંત્રનું આકાશમાં ધ્યાન કરવું. પછી તે અમૃતથી એક નવા અમૃતમય ઉજ્જવલ શરીરનું નિર્માણ કરવું. તેમાં પ્રથમ દેહ (પિંડ)ની રચના માટે મારુતી (વાયવીય) ધારણા કરવી અને પછી નિર્મળ બનાવવા માટે તૈજસી અને જલીય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ધારણા ક્રમશઃ કરવી, તે પછી પાંચ * પિંડાક્ષરોથી યુક્ત અને શરીરના પાંચ સ્થાનોમાં ન્યાસ કરાયેલા એવા પંચનમસ્કારો વડે સકલીકરણ કરવું. તે પછી જેમનું સ્વરૂપ પૂર્વે કહેવામાં આવ્યું છે એવા શ્રી અરિહંત પરમાત્મારૂપે અથવા કર્મરહિત, અમૂર્ત અને જ્ઞાન વડે પ્રકાશમાન એવા શ્રી સિદ્ધ ભગવંતરૂપે પોતાના આત્માનું ધ્યાન કરવું. ॥ ૧–૫ ॥ ૧૮૩–૧૮૭ ॥

એક શંકા

नन्वनर्हन्तमात्मानमर्हन्तं ध्यायतां सताम् ।
अतस्मिंस्तद्ग्रहो भ्रान्तिर्भवतां भवतीति चेत् ॥ ६ ॥ १८८ ॥

જો તમારો આત્મા અરિહંત નથી તો પછી તેનું અરિહંત રૂપે ધ્યાન કરતા એવા તમને 'અતત્'માં (જે જેવો નથી તેમાં) 'તત્'ની (તેવાની) ભ્રાન્તિ તો નથી થતી ને ? ॥ ૬ ॥ ૧૮૮ ॥

સમાધાન

तन्न चोद्यं यतोऽस्माभिर्भावार्हन्नयमर्पितः ।
स चार्हद्ध्याननिष्ठात्मा ततस्तत्रैव तद्ग्रहः ॥ ७ ॥ १८९ ॥

परिणमते येनात्मा भावेन स तेन तन्मयो भवति ।
अर्हद्ध्यानाविष्टो भावार्हः(र्हन्) स्यात्स्वयं तस्मात् ॥ ८ ॥ १९० ॥

येन भावेन यद्रूपं ध्यायत्यात्मानमात्मवित् ।
तेन तन्मयतां याति सोपाधिः स्फटिको यथा ॥ ९ ॥ १९१ ॥

---

* આ પાંચ પિંડાક્ષરો પ્રાયઃ અ સિ આ ઉ સા, ક્ષિ પ ૐ સ્વા હા અથવા 'હાઁ હ્રીઁ હૂઁ હ્રૌઁ હ્રઃ' હોવા જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એવી શંકા ન કરવી, કારણ કે અમે અમારા આત્માની ભાવઅરિહંતરૂપે અર્પણા (ચિંતવના) કરીએ છીએ. અરિહંતના ધ્યાનમાં નિષ્ઠ એવો આત્મા તે નોઆગમથી ભાવઅરિહંત છે. તેથી 'અતત્'માં તદ્ગ્રહરૂપ ભ્રાન્તિ નથી કિંતુ 'તત્'માં (તેમાં) જ 'તત'ની (તેની) યથાર્થ માન્યતા છે.

જે (અરિહંતાદિ) ભાવ વડે આત્મા પરિણમે છે તે (અરિહંતાદિ) ભાવ વડે તે (આત્મા) તન્મય (અરિહંતાદિમય) બને છે; તેથી અરિહંતના ધ્યાનમાં નિષ્ઠ એવો આત્મા તે (અરિહંતભાવ) થકી પોતે જ ભાવઅરિહંત થાય છે. ઉપાધિસહિત એવા સ્ફટિકરત્નની જેમ આત્મજ્ઞ પુરુષ જે (અરિહંતાદિ) ભાવવડે જે (અરિહંતાદિ) રૂપે આત્માનું ધ્યાન કરે છે, તે (અરિહંતાદિ) ભાવ વડે તન્મયતા (તદ્ભાવરૂપતા)ને પામે છે. (અર્થાત્ જેમ સ્ફટિકમણિ સામે રહેલી વસ્તુનું રૂપ ધારણ કરે છે, તેમ આત્મા પણ ધ્યાન વડે ધ્યેયમય બને છે.) ॥ ૭–૯ ॥ ૧૮૯–૧૯૧ ॥

પ્રકારાંતરે સમાધાન

अथवा भाविनो भूताः स्वपर्यायास्तदात्मकाः ।
आसते द्रव्यरूपेण सर्वद्रव्येषु सर्वदा ॥ १० ॥ १९२ ॥

ततोऽयमर्हत्पर्यायो भावी द्रव्यात्मना सदा ।
भव्येष्वास्ते सतश्चास्य ध्याने को नाम विभ्रमः ॥ ११ ॥ १९३ ॥

અથવા સર્વ દ્રવ્યોમાં દ્રવ્યાત્મક એવા ભૂત અને ભવિષ્યના સ્વપર્યાયો દ્રવ્યરૂપે સદા રહે છે. (અર્થાત્ પ્રત્યેક દ્રવ્યમાં તેના ભૂતભાવિ સર્વ પર્યાયો વર્તમાનમાં દ્રવ્યરૂપે રહેલા છે); તેથી સર્વ ભવ્યોમાં ભવિષ્યમાં થનારા એવા 'અર્હત્ પર્યાય' (કેવલિપર્યાય)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દ્રવ્યરૂપે સદા રહેલા છે. તો પછી વિદ્યમાન એવા એ પર્યાયનું ધ્યાન કરવામાં ભ્રાન્તિ શી ? ॥ ૧૦–૧૧ ॥ ૧૯૨–૧૯૩ ॥

किञ्च भ्रान्तं यदीदं स्यात् तदा नातः फलोदयः ।
न हि मिथ्या जलाज्जातु विच्छित्तिर्जायते तृषः ॥ १२ ॥ १९४ ॥

प्रादुर्भवन्ति चामुष्मात् फलानि ध्यानवर्त्तिनाम् ।
धारणावशतः शान्तक्रूररूपाण्यनेकधा ॥ १३ ॥ १९५ ॥

જો આ ધ્યાનને ભ્રાન્ત માનવામાં આવે તો, જેમ કલ્પિત જલથી તૃષાનો નાશ કદાપિ ન જ થાય, તેવી રીતે એ ધ્યાનથી ફલપ્રાપ્તિ ન થવી જોઈએ. કિન્તુ એથી ધ્યાનીઓને ધારણાના બળે શાંત અને ક્રૂરરૂપ અનેક પ્રકારના ફલોની પ્રાપ્તિ થતી દેખાય છે. એથી આત્માનું અર્હદ્રૂપે ધ્યાન કરવું તે ભ્રાન્તિ નથી. ॥ ૧૨–૧૩ ॥ ૧૯૪–૧૯૫ ॥

गुरूपदेशमासाद्य ध्यायमानः समाहितैः ।
अनन्तशक्तिरात्माऽयं मुक्तिं भुक्तिं च यच्छति ॥ १४ ॥ १९६ ॥

શ્રી સદ્ગુરુના ઉપદેશને પ્રાપ્ત કરીને સમાહિત યોગીઓ વડે ધ્યાયમાન એવો આ અનંતશક્તિશાળી આત્મા મુક્તિ અને ભુક્તિને આપે છે. ॥ ૧૪ ॥ ૧૯૬ ॥

ध्यातोर्हत्सिद्धरूपेण चरमाङ्गस्य मुक्तये ।
तद्ध्यानोपात्तपुण्यस्य स एवान्यस्य भुक्तये ॥ १५ ॥ १९७ ॥

અર્હન્ત અથવા સિદ્ધરૂપે જેનું ધ્યાન કરાયું છે એવો આ આત્મા ચરમશરીરીની મુક્તિ માટે થાય છે, અથવા તે ધ્યાન વડે પ્રાપ્ત કર્યું છે પુણ્ય જેણે એવા અન્ય (અચરમશરીરી)ની ભુક્તિ માટે થાય છે. ॥ ૧૫ ॥ ૧૯૭ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ज्ञानं श्रीरायुरारोग्यं तुष्टिः पुष्टिर्वपुर्धृतिः ।
यत्प्रशस्तमिहान्यच्च तत्तद्ध्यातुः प्रजायते ॥ १६ ॥ १९८ ॥

(ભુક્તિને બતાવે છે—) તે તે પ્રકારનું ધ્યાન કરનારને આ લોકમાં અને પરલોકમાં જે જે પ્રશંસનીય છે તે બધું—જ્ઞાન, લક્ષ્મી, દીર્ઘાયુ, આરોગ્ય, તૃષ્ટિ, પુષ્ટિ, સુંદરશરીર, ધૈર્ય, વગેરે —પ્રાપ્ત થાય છે. ॥ ૧૬ ॥ ૧૯૮ ॥

तद्ध्यानाविष्टमालोक्य प्रकम्पन्ते महाग्रहाः ।
नश्यन्ति भूतशाकिन्यः क्रूराः शाम्यन्ति च क्षणात् ॥ १७॥१९९॥

અરિહંત અથવા સિદ્ધના ધ્યાનમાં લયલીન એવા મહાત્માને જોઈને મોટા મોટા ગ્રહો પણ કંપે છે. ભૂત, પ્રેત, શાકિની, ડાકિની વગેરે દૂરથી ભાગી જાય છે અને અત્યંત ક્રૂર એવાં જન્તુઓ પણ ક્ષણવારમાં શાંત બની જાય છે. ॥ ૧૭ ॥ ૧૯૯ ॥

यो यत्कर्मप्रभुर्देवस्तद्ध्यानाविष्टमात्मनः ।
ध्याता तदात्मको भूत्वा साधयत्यात्मवाञ्छितम् ॥ १८ ॥ २०० ॥

